# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૪૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો વદ ૦૭ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 44 • Dt.15-09-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

બિપાશા બાદ હવે અનુષ્કા માટે ટિપ્પણીથી મૃણાલ ઠાકુર વિવાદમાં



P.07

ફરાહ ખાને નરગિસ ફખરીના લગ્નનું પેપર ફોડી નાખ્યું

કાઠમંડુ ખીણમાં ૩૦ થી વધુ પોલીસ ચોકીઓ અને પોલીસ સ્ટેશનો સંપૂર્ણપણે બળીને ખાખ

07



**15**
SEPTEMBER- 2025
MONDAY



07

પોતાની છબી સુધારવાનો પ્રયાસ કરી રહેલા પાકિસ્તાને પખ્તુનખ્વામાં ૪૫ ટીટીપી આતંકવાદીઓને ઠાર માર્યા

શું ફરી વરસાદનો કહેર જોવા મળશે ?

## ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન સુરત, નવસારી, તાપીમાં ભારે વરસાદની આગાહી

# હવામાન વિભાગે આગામી ૭ દિવસ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

## અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, ગાંધીનગર, ખેડા, આણંદ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૧૪ ।

હવામાન વિભાગે આગામી એક અઠવાડિયા સુધી ગુજરાત રાજ્યમાં વરસાદની આગાહી કરી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યના વિવિધ ભાગોમાં, ખાસ કરીને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કેટલાક અન્ય વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદની સંભાવના છે. આગામી ૭ દિવસના હવામાન વિશે વિગતવાર માહિતી આ લેખમાં આપવામાં આવી છે.રાજ્યના ઘણા વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં આજે વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે. આજે ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદની પ્રબળ શક્યતા છે.હવામાન વિભાગે ૧૩ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના ઘણા જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન, ખાસ કરીને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કેટલાક અન્ય વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે.૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન સુરત, નવસારી, તાપીમાં ભારે વરસાદની આગાહી છે. આ વિસ્તારોમાં વાવાઝોડાની શક્યતા છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જશે. દમણ, દાદરા નગર હવેલી, ડાંગ અને જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી છે.



ખાસ કરીને ડાંગના જંગલ વિસ્તારોમાં વરસાદની અસર જોવા મળી શકે છે. ભાવનગર, અમરેલી, ગીર સોમનાથમાં પણ ૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન વાવાઝોડા સાથે મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી છે. રાજ્યના અન્ય જિલ્લાઓ, જેમ કે અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, ગાંધીનગર, ખેડા, આણંદ અને ઉત્તર ગુજરાતના જિલ્લાઓમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની આગાહી છે. આ વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલીક જગ્યાએ હળવો વરસાદ પડી શકે છે. રાજ્યમાં ૧૭ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન વરસાદની તીવ્રતા થોડી ઓછી થવાની સંભાવના છે.

## હિન્દુ બહુમત છે, ત્યાં સુધી હિન્દુ સલામત છે : પ્રવીણ તોગડિયા

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવીણ તોગડિયાએ મહેસાણાના કડીની મુલાકાત લીધી

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૪ ।

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવીણ તોગડિયાએ મહેસાણાના કડીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, "હિન્દુ બહુમત છે, ત્યાં સુધી હિન્દુ સલામત છે. આ દરમિયાન "તીન બચ્ચે, હિન્દુ સચ્ચે"નું સૂત્ર આપીને પ્રવિણ તોગડીયાએ હિન્દુ પરિવારોને વધુ બાળકો પૈદા કરવા પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, તેમણે રોજગાર અને નોકરીમાં હિન્દુઓને પ્રાથમિકતા આપ વાની પણ વાત કરી હતી.આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક અને અધ્યક્ષ ડૉ. પ્રવીણ તોગડિયા ૧૫ વર્ષ બાદ કડીની મુલાકાતે આવ્યા હતા. એને પગલે રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો. કડી ખાતે મહીસાગર હોટલમાં તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. તોગડિયાએ કડી ભાગ્યોદય જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી અને કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો હતો. એમાં તીન બચ્ચે હિન્દુ સચ્ચે...નો નારો આપ્યો હતો.આ પહેલા ગત ઓગસ્ટ માસમાં એક કાર્યક્રમમાં ઈજીજીના વડા મોહન ભાગવતે વસ્તી અંગે પ ોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે, વસ્તી કોઈ દેશ માટે બોજ પણ હોય શકે અને તક પણ હોઈ શકે છે. હવે તે આપણે તેને કેવી રીતે સંભાળીએ છીએ તેના પર નિર્ભર છે. આ દરમિયાન, તેમણે બીજી પણ એક મહત્વપૂર્ણ વાત કહી હતી. મોહન ભાગવતે કહ્યું કે, જો કોઈ સમાજમાં પરિવારોમાં બાળકોની સંખ્યા ત્રણ કરતા ઓછી હોય, તો ધીમે ધીમે તે સમાજનું અસ્તિત્વ પણ જોખમમાં આવી જાય છે. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ પ્રવીણ તોગડિયાએ મહેસાણાના કડીની મુલાકાત લીધી હતી.







## પોલીસે રવિવારે (૧૪ સપ્ટેમ્બર) બાતમીના આધારે આ હોટલમાં દરોડા પાડ્યા હતા

# સુરતમાં હાઇ પ્રોફાઇલ સેક્સ રેકેટનું ભાંડાફોડ, ૧૩ વિદેશી મહિલા પકડાઇ

### સુરત પોલીસને જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી પાર્ક પેવેલિયન હોટલમાં સેક્સ રેકેટ ચાલતો હોવાની બાતમી મળી હતી

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

સુરતના જહાંગીરપુરા વિસ્તારમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં પાર્ક પેવેલિયન નામની એક હોટલમાં ચાલતા હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો પર્દાફાશ થયો છે. પોલીસે રવિવારે (૧૪ સપ્ટેમ્બર) બાતમીના આધારે આ હોટલમાં દરોડા પાડ્યા હતા, જેમાં ૧૩ વિદેશી મહિલાઓની અટકાયત કરવામાં આવી છે. આ સિવાય ૯ પુરૂષો સહિત કુલ ૨૨ લોકોની ધરપકડ કરાઈ છે.મળતી માહિતી મુજબ, સુરત પોલીસને જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી પાર્ક પેવેલિયન હોટલમાં સેક્સ રેકેટ ચાલતો હોવાની બાતમી મળી હતી. પોલીસ જ્યારે દરોડા પાડવા હોટલના ચોથા માળે પહોંચી ત્યારે લાકડાનો દરવાજો બંધ હતો. પોલીસે દરવાજો ખખડાવ્યો પરંતુ, અંદરથી કોઈએ જવાબ ન આપ્યો. બાતમાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને હોટલનો દરવાજો તોડી નાંખ્યો. દરવાજો તોડતા જાણ થઈ કે, ત્યાં એક હોલ હતો, જ્યાં કાઉન્ટર ટેબલ અને ખુરશીઓ મૂકેલી હતી. તેની બાજુના પેસેજમાં રૂમ નંબર ૪૦૩માં ૭ લોકો મળી આવ્યા હતા. અને રૂમ નંબર ૪૦૭માંથી ૯ વિદેશી મહિલાઓ મળી આવી હતી. દરોડા દરમિયાન પોલીસે હોટલના મેનેજર રૂપેશ ઉર્ફે મેકિસી રમેશ મિશ્રા, બિપીન ઉર્ફે બંટી બાબરીયા




અને હાઉસકીપર સંજય હિંગડે અને રાહુલ સોલંકીની ધરપકડ કરી છે. જેમાંથી રૂપેશે કબૂલાત કરી કે, તે યુવતીઓને શરીર સુખ માણવા માટે મોકલતો હતો. આ રેકેટનો મુખ્ય સંચાવક વિજય મોહન કસ્તૂરે છે, જે હોટલના ખર્ચ અને કર્મચારીઓના પગારનું સંચાલન કરે છે. આખુંય રેકેટ વોટ્સએપના માધ્યમથી ચાલે છે. યોગેશ દિલીપ તાલેકર નામનો વ્યક્તિ બેંક ખાતામાં ગ્રાહકતો પાસેથી પેમેન્ટ લેવાનું કામ કરતો. તેમજ અશોક મામા નામનો ડ્રાઈવર મહિલાઓ લાવવા- લઈ જવાનું કામ કરતો હતો. ગ્રાહકો પાસેથી એકવાર શરીર સુખ માણવાના ૩૫૦૦ રૂપિયા લેવામાં આવતા. જેમાંથી ૨૦૦૦ કમિશન તરીકે વિજય કસ્તુરે રાખતો અને મહિલાઓને ૧૫૦૦ રૂપિયા ચુકવવામાં આવતા. પોલીસે આ મામલે અમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ, ૧૯૫૬ની કલમ ૩, ૪, ૫, ૭ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૪૪(૨) અને ૫૪ હેઠળ ગુનો દાખલ કરી કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.

## જૂનાગઢમાં કેદીને સુવિધા આપવાના મામલે પીએસઆઇ સહિત ૩ પોલીસ કર્મી સસ્પેન્ડ

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૪ ।

જૂનાગઢમાં કેદીને સુવિધા આપવાના મામલે પીએસઆઈ સહિત ૩ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.જેમાં પોલીસ હેડ ક્વાર્ટરના પીએસઆઈ સહિત ૩ કર્મીનો સમાવેશ થાય છે.આ બનાવમાં જૂનાગઢ જિલ્લા કેદીને સુવિધા આપવામાં આવી હતી.જેમાં ઉનાના અંજારનો બુટલેગર જિલ્લા જેલમાં બંધ હતો. મુદત માટે આ કેદીને દીવ કોર્ટમાં લઈ જવામાં આવ્યો હતો.જેમાં આરોપીને દીવ હોટલમાં લઈ ગયા હોવાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે. તે સિવાય આરોપી અન્ય મિત્રો સાથે પણ બહાર ગયો હતો.આમ આ સમગ્ર મામલે પોલીસની મીલિભગત આવી સામે હતી. જેને પગલે ફરજમાં બેદરકારી દાખવવા બદલ પોલીસને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

## અમદાવાદ એરપોર્ટ વિસ્તારમાં ૮ વર્ષના બાળક સાથે કુકર્મ,

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદના એરપોર્ટ વિસ્તારમાં એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક ૨૧ વર્ષીય યુવકે ૮ વર્ષના માસૂમ બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું છે. આરોપીએ બાળકને કબૂતર રમાડવાની લાલચ આપીને અગાસી પર લઈ જઈને આ દુષ્કર્મ કર્યું હતું. આ ઘટના બાદ પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના એરપોર્ટ વિસ્તારમાં એક અત્યંત શરમજનક અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક ૨૧ વર્ષીય યુવકે ૮ વર્ષના માસૂમ બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું છે. આરોપીએ બાળકને કબૂતર રમાડવાની લાલચ આપીને અગાસી પર લઈ જઈને આ દુષ્કર્મ કર્યું હતું. આ ઘટના બાદ પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

## દુબઈનાં સસ્તા ટૂર પેકેજની લાલચ આપી, રૂપિયા લઈ ઓફિસે તાળું મારી સંચાલક ફરાર

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

જો તમે બહાર ફરવા જવા માટે ટૂર ઓપરેટરનો સંપર્ક સાધો છો તો સાચવજો. કારણ કે અમદાવાદમાં એક ટૂર સંચાલકે અનેક લોકો સાથે છેતરપિંડી આચરી હોવાની ચકચારી ઘટના સામે આવી છે. અમદાવાદમાં કે.સી.હોલીડે ટૂર સંચાલકે દુબઈની ટ્રીપનાં નામે અનેક લોકો સાથે છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં આરોપ છે કે સસ્તા ટૂર પેકેજની લાલચ આપીને ટૂર સંચાલકે લોકો પાસેથી પૈસા પડાવ્યા અને ૮ તારીખથી સંચાલક ઓફિસે તાળા મારી ફોન બંધ કરી ફરાર છે. આ મામલે પોલીસે ટૂર સંચાલકની શોધખોળ આદરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદમાં કે.સી. હોલીડે નામની એજન્સીનાં સંચાલક કિરણસિંહ ચૌહાણ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદમાં આરોપ છે કે, કિરણસિંહ ચૌહાણે લોકોને દુબઈનાં સસ્તા ટૂર પેકેજની લાલચ આપી હતી અને લોકો પાસેથી પૈસા પડાવ્યા હતા. જો કે, રૂપિયા લીધા બાદ ટૂર સંચાલક કિરણસિંહ ચૌહાણ ૮ સપ્ટેમ્બરથી ઓફિસે તાળા મારી અને ફોન બંધ ફરાર થયો છે. કિરણસિંહ ચૌહાણ વિરુદ્ધ સરખેજ અને સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના અલગ-અલગ ગુના નોંધાયા છે.માહિતી અનુસાર, છેતરપિંડીનો ભોગ બનનારા ૧૦૦ થી વધુ લોકો છે જેમણે પોલીસ સમક્ષ નિવેદન લખાવ્યા છે.

## ભરૂચના અંકલેશ્વરની પાનોલ જીઆઇડીસી

# કંપનીના ગોડાઉનમાં લાગી ભીષણ આગ દૂર-દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા જોવા મળ્યા

। પ્રતિનિધિ, અંકલેશ્વર, તા.૧૪ ।

ભરૂચના અંકલેશ્વરની પાનોલ જીઆઈડીસી ભીષણ આગની ઘટના ઘટી હતી..આ ઘટનામાં બે શ્રમિકો મોતને ભેટ્યા છે. પાનોલી જીઆઈડીસી માં આવેલી સંઘવી ઓર્ગેનિક્સ કંપનીમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. ઘટનાની જાણ થતાજ ફાયરબ્રિગેડની ૧૦ જેટલી ગાડીઓ સ્થળ પર પહોંચી હતી અને આગ ઓલવવાની કામગીરી હાથ ધરી હતી. આ ઘટનાથી સંજાલી ગામના લોકોમાં ભય ફેલાયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ આ કેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં જ્વલનશીલ પદાર્થોની હાજરીને કારણે આગ વધુ વિકરાળ બની હતી. આગની તીવ્રતા



એટલી વધારે હતી કે ધુમાડાના ગાઢ વાદળ દૂરથી દેખાતા હતા, જેના કારણે આસપાસના વિસ્તારોમાં વિઝિબિલિટી ઓછી થઈ ગઈ હતી અને શ્વાસ લેવામાં તકલીફની ફરિયાદો પણ આવવા લાગી હતી.

ફાયર વિભાગના કર્મચારીઓ આગને કાબૂમાં લેવા માટે પાણી અને ફોમનો સતત મારો ચલાવી રહ્યા છે. ફાયર અધિકારીઓએ જણાવ્યું છે કે આગ ગંભીર હોવાથી તેને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં લાંબો સમય લાગી શકે છે.આ ઘટનામાં અત્યાર સુધી બે લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે, આગના કારણે કંપનીને મોટા પાયે આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ છે. ભરૂચના અંકલેશ્વરની પાનોલ જીઆઈડીસી ભીષણ આગની ઘટના ઘટી હતી..આ ઘટનામાં બે શ્રમિકો મોતને ભેટ્યા છે. પાનોલી જીઆઈડીસી માં આવેલી સંઘવી ઓર્ગેનિક્સ કંપનીમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. ઘટનાની જાણ થતાજ ફાયરબ્રિગેડની ૧૦ જેટલી ગાડીઓ સ્થળ પર પહોંચી હતી અને આગ ઓલવવાની કામગીરી હાથ ધરી હતી. આ ઘટનાથી સંજાલી ગામના લોકોમાં ભય ફેલાયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ આ કેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં જ્વલનશીલ પદાર્થોની હાજરીને કારણે આગ વધુ વિકરાળ બની હતી.

## અંબાજી નજીક ત્રિશુલિયાઘાટીમાં ત્રણ અકસ્માત, બેના મોત અને એક ગંભીર

। પ્રતિનિધિ, બનાસકાંઠા, તા.૧૪ ।

બનાસકાંઠા જિલ્લાના અંબાજી-દાંતા રોડ પર આવેલા ત્રિશુલિયાઘાટી નજીક શનિવારે અકસ્માતોની વણઝાર જોવા મળી હતી, જેમાં ત્રણ અલગ-અલગ ઘટનાઓમાં બે વ્યક્તિનાં મોત થયાં હતાં અને એક વ્યક્તિની હાલત ગંભીર છે. આ ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.પ્રથમ અકસ્માત મોડી રાત્રે દાંતા તાલુકાના પુંજપુર પેટ્રોલ પંપ પાસે થયો હતો. એક ઝડપી ગતિએ આવતી પીકઅપ વાને બાઈકને ટક્કર મારતા બાઈક પર સવાર એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત થયું હતું. મૃતક રાજસ્થાનનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં.બીજો અકસ્માત ત્રિશુલિયાઘાટી નજીક જ થયો હતો. અંબાજી તરફથી આવી રહેલું એક ટ્રેલર અચાનક પલટી મારી ગયું હતું, જેના કારણે ટ્રેલરના ડ્રાઈવરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ત્રીજી ઘટનામાં દાંતા તરફ જઈ રહેલી એક ટ્રકની બ્રેક અચાનક ફેલ થઈ જતાં ટ્રક ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ ટ્રકે રસ્તા પર ઊભેલાં પોલીસનાં વાહનોને અડફેટે લીધાં હતા.

## પાડોશી ભાભી અને તેની સખીને કારણે રત્નકલાકારે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

પરવત ગામ ગોકુલનગરમાં એક વર્ષ પહેલાં બનેલા ૨૦ વર્ષીય રત્નકલાકાર અમરકાંત જેશવાલના આપઘાત કેસમાં આખરે પોલીસે બે મહિલાની ધરપકડ કરી છે. સુસાઈડ નોટના હેન્ડરાઈટિંગ એક્સપર્ટ રિપોર્ટ મળ્યા બાદ લીંબાયત પોલીસે પાડોશી ભાભી અને તેની બહેનપણી સામે પગલાં લીધા છે.મૂળ વતન ઉત્તરપ્રદેશના બનારસના રહેવાસી અને હાલ સુરતના અમરોલીમાં રહેતા રાજેશભાઈ જેશવાલનો પુત્ર અમરકાંત (ઉ.વ. ૨૦) એ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ઘટના બાદ તેના ખિસ્સામાંથી સુસાઈડ નોટ મળી આવી, જેમાં પાડોશની ભાભી નીલમ ઉમેશ યાદવ અને તેની બહેનપણી શીતલ રામશંકર ગુપ્તાને પોતાની આત્મહત્યાનું કારણ ગણાવ્યું હતું. અમરકાંતે બે પાનાની નોટમાં હિન્દી અને અંગ્રેજીમાં લખ્યું હતું કે, નીલમે તેના પતિને ધોખો આપ્યો હતો અને શીતલને પણ ખોટા રસ્તે દોરી હતી. શીતલ સાથે પ્રેમસંબંધનો નાટક કરીને તેની પાસેથી રૂપિયા પડાવ્યા હતા. જેમાં નીલમે ૭૦ હજાર અને શીતલે ૫૦ હજાર પડાવ્યા હતા એમ કુલ ૧.૨૦ લાખ રૂપિયા લીધા હોવાનો ઉલ્લેખ હતો.સુસાઈડ નોટમાં વધુમાં જણાવાયું હતું કે શીતલના લગ્ન થયા હોવા છતાં તે તેના સંપર્કમાં રહેતી હતી અને અન્ય સંબંધો પણ ધરાવતી હતી.



ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર દરમિયાન નવરાત્રી ફેસ્ટિવલનું આયોજન

# વાઇબ્રન્ટ નવરાત્રી ૨૦૨૫ : જીએમડીસી ગ્રાઉન્ડમાં આ વખતે ૯ દિવસ કલાકારો બોલાવશે ગરબાની રમઝટ

**નવરાત્રી મહોત્સવનો ઉદ્ઘાટન સમારોહ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા ઉપસ્થિત રહેશે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા નવરાત્રીના તહેવારમાં વાઈબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર દરમિયાન નવરાત્રી ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવશે. ગુજરાત ટુરિઝમ દ્વારા કરાયેલી જાહેરાત મુજબ, આ વર્ષની થીમ 'આહવાન મા આદ્યા શક્તિ' છે અને તે ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા, આધ્યાત્મિક પરંપરા અને સમુદાયની સહભાગિતાનો ભવ્ય ઉત્સવ બનશે.





નવરાત્રી મહોત્સવનો ઉદ્ઘાટન સમારોહ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ યોજાશે, જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા ઉપસ્થિત રહેશે. ગુજરાતમાં પ્રથમ વખત, ગરબા રમવાના વિસ્તાર માટે ખાસ એમ્ફીથિયેટર શૈલીનું વિશિષ્ટ લેઆઉટ તૈયાર કરવામાં આવશે, જેમાં આરામદાયક બેઠકો સાથે ગરબા જોવાનો આનંદ માણી શકાશે અને આખો અનુભવ વધુ રસપ્રદ બનશે.

ઉદ્ઘાટનના દિવસે રાજ્યભરમાંથી ૧,૦૦૦થી વધુ કલાકારો, જેમાં પ્રાચીન, અર્વાચીન, અને રાસ-દાંડિયાના જાણીતા કલાકારો સામેલ રહી, પરંપરાગત ગરબાનું અદ્વિતીય પ્રદર્શન કરશે. આ કાર્યક્રમ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સહયોગથી આયોજિત કરવામાં આવી રહ્યો છે. સ્થળને થીમ આધારિત દરવાજાઓથી શોભાવવામાં આવશે, જેમાં પ્રસિદ્ધ "કળશ ગેટ" પણ હશે, જે સમૃદ્ધિ અને ભક્તિનું પ્રતિક છે. આ શણગાર પરંપરાઓને ઉજવતા મુલાકાતીઓને મનમોહક દ્રશ્યોનો અનુભવ આપશે.આ વર્ષે નાના જૂથ માટે ૯ ખાસ ગરબા ઝોન તૈયાર કરવામાં આવ્યા છે. દરેક ઝોનમાં મહત્તમ ૫૦ સભ્યો આરામથી ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ટિકિટની કિંમત દર વ્યક્તિ દીઠ ?૧૦૦ની રહેશે તેમજ ગ્રુપ બુકિંગ, મૅક્સિમમ ૫૨, ૨૫ અને ૧૫ સભ્યોના સેટમાં ઉપલબ્ધ રહેશે, જે આ ઉત્સવને ખાનગી અને સલામત રીતે માણવાની તક આપશે.નવરાત્રી મહોત્સવ દરમિયાન સેલ્ફી પોઈન્ટ્સ તેમજ ફોટો-ઝોન, મહાઆરતી, બાળકો માટેની ખાસ કિડ્સ સિટી (બાળ નગરી), ફૂડ કોર્ટ અને હેન્ડીક્રાફ્ટ બજાર જેવી અનેક આકર્ષક પ્રવૃત્તિઓ રહેશે, જે દરેક વયના લોકો માટે મનોરંજન અને યાદગાર અનુભવ પૂરો પાડશે.નવરાત્રિમાં ભાગ લેનાર કલાકાર- ગ્રુપ અને તારીખઃ ૨૨/૦૯/૨૦૨૫ - સમીર અને શ્રી માના રાવલ, ૨૩/૦૯/૨૦૨૫ - પ્રહાર વોરા,૨૪/૦૯/૨૦૨૫ - કાજલ મહેરિયા,૨૫/૦૯/૨૦૨૫ - યશ બારોટ,૨૬/૦૯/૨૦૨૫ - ઓસમાણ મીર,૨૭/૦૯/૨૦૨૫ - નારાયણ ઠક્કર ૨૮/૦૯/૨૦૨૫ - જીગ્નેશ કવિરાજ ૨૯/૦૯/૨૦૨૫ - અભિતબેન પટેલ ૩૦/૦૯/૨૦૨૫ - પાયલ વેખરીયા ૦૧/૧૦/૨૦૨૫ - લાલિત્ય મુન્શા

કરોડોનું રોકાણ કરાવ્યું અને પછી પૈસા પચાવી પાડ્યા

## સુરતના અડાજણમાં વેપારીને લોભામણી લાલચ આપી ઈમ્પોર્ટ-એક્સપોર્ટના નામે ૨.૬૮ કરોડની છેતરપિંડી

। પ્રતિનિધિ, સુરત, તા.૧૪ ।

સુરતના અડાજણ વિસ્તારમાં એક વેપારી સાથે ૨.૬૮ કરોડ રૂપિયાની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વેપારીને ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધામાં ઊંચા નફાની લાલચ આપીને પ્રતીક ઉર્ફે રાહુલ પટેલ નામના એજન્ટે કરોડોનું રોકાણ કરાવ્યું અને પછી પૈસા પચાવી પાડ્યા. જ્યારે વેપારીએ પોતાના પૈસા પાછા માંગ્યા, ત્યારે આરોપીએ તેને યુકેથી ભારતના કોઈપણ એરપોર્ટ પરથી ગાયબ કરાવી દેવાની ધમકી આપી સાથે અમદાવાદમાં રહેતા માતા-પિતાના ઘરે જવાની પણ ધમકી આપી.આખરે, વેપારીએ પોલીસ ફરિયાદ નોંધાવતા અડાજણ પોલીસે આરોપી પ્રતીકની ધરપકડ કરી છે અને વધુ તપાસ હાથ ધરી છે.

અડાજણ પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ, વિશાલ નગર એપાર્ટમેન્ટમાં રહેતા ૪૩ વર્ષીય જીગર તુષારભાઈ શાહ, જેઓ વિદેશમાં કિચન અને બાથરૂમની સામગ્રીનો વેપાર કરે છે, તેમનો પરિચય તેમના એક મિત્ર મારફતે પાલ વિસ્તારના પ્રતિક ઉર્ફે રાહુલ નરેન્દ્રભાઈ પટેલ સાથે થયો હતો. નિશાલ આર્કેડમાં પ્રતિક 'વૈષ્ણોદેવી સેલ્સ' નામથી ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો ધંધો કરતો હોવાનો દાવો કરતો હતો.પ્રતિકની વાતોથી પ્રભાવિત થઈ જીગરભાઈએ ૩૧ મે ૨૦૨૩ના રોજ ૩૦ લાખ રૂપિયાનું પ્રારંભિક રોકાણ કર્યું.

## જામનગરના બેડી-રસુલ નગર વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સાગરખેડુની જનજાગૃતિ માટેનો સેમિનાર યોજાયો

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૪ ।

જામનગરના બેડી રસુલ નગર વિસ્તારમાં ગત તા.૧૧.૦૯.૨૦૨૫ના રોજ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર દ્વારા સાગરખેડુતની જનજાગૃતી તેમજ રાષ્ટ્રહીત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. દરીયાઈ વિસ્તારમાં મળી આવતા શંકાસ્પદ શખ્સોની હીલચાલ, બોટો, સંભવિત આતંકવાદી પ્રવૃતીઓ અને કેફી પદાર્થોની હેરાફેરી અટકાવવા, વિસ્ફોટક પદાર્થો, બાળકોના શિક્ષણ સહિતની જાગૃતી માટે માહિતગાર કરાયા હતા, તેમજ મરીન ટાસ્ક ફોર્સની કામગીરી વિશે જાણકારી આપવામાં આવી હતી. ગામના સરપંચ ઉમરભાઈ, ઉપ-સરપંચ સુલતાનભાઈ, બેડ ગામનાં સરપંચ મુળાભાઈ તથા વડીલ દાઉદભાઈ, જાકુબભાઈ, મરીન ગૃપ લીડર અને પો.ઈન્સ. ડી.આર.યાદવ, પો.સ.ઈ. જી.એમ.બોપલીયા, પો.સ.ઈ. ડી.એચ.જાડેજા તથા મરીન કમાન્ડો તથા ફીશરીઝ વિભાગ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા. જામનગરના બેડી રસુલ નગર વિસ્તારમાં ગત તા.૧૧.૦૯.૨૦૨૫ના રોજ મરીન ટાસ્ક ફોર્સ, જામનગર દ્વારા સાગરખેડુતની જનજાગૃતી તેમજ રાષ્ટ્રહીત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતુ.

## ખેતરની ફેન્સીંગમાંથી વીજ શોક લાગતા ઘેટા-બકરા ચરાવતા યુવકનું મોત,ખેડૂતની ધરપકડ

। પ્રતિનિધિ, જામનગર, તા.૧૪ ।

બેરાજા ગામે ખેતરની ફેન્સીંગમાંથી વીજ શોક લાગતા માલધારી યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જેને લઈને વાડી માલિક સામે પોલીસે ગુનો નોંધી તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર બેરાજા ગામની સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં ઘેટા-બકરા ચરાવતી વેળાએ દુર્ઘટના સર્જાઈ હતી. વાડી વિસ્તારમાં ખેતરના શેઢે યુવાનને વીજશોક લાગ્યો હતો, જે જીવલેણ નિવડતા પરિવારજનોમાં અરેરાટી મચી છે. બીજી બાજુ ખેતરની ફરતે ફેન્સીંગ લગાવનાર ખેડૂત સામે પોલીસે બેદરકારી દાખવવા અંગે ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.જામનગરના બેરાજા ગામની સીમમાં તા. ૧૨, સપ્ટેમ્બર ૨૦૨૫ને શુક્રવારે બપોરના આશરે દોઢેક વાગ્યાની આસપાસ બેરાજા ગામે રહેતા ૩૨ વર્ષીય ભુપતભાઈ હરજીભાઈ ઠુંગા નામનો માલધારી યુવાન ઉગમણી સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં આવેલ ગૌચરની જમીનમાં ઘેટા બકરા ચરાવવા ગયો હતો. જ્યાં ઉગમણી સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં આવેલ ગૌચરની જમીનમાં બેરાજા ગામમાં રહેતા કનુભા ઉર્ફે ભીખુભા રામસંગ રાઠોડે કપાસનું વાવેતર કર્યું હતું. તે ખેતરમાં આ દુર્ઘટના સર્જાઈ હતી.ગૌચરની જમીનમાં કપાસના વાવેતર કરાયા બાદ પાકના રક્ષણ માટે ખેતરના શેઢાની ફરતે ઈલેક્ટ્રીક શોકના વાયર ફીટ કર્યાં હતાં. ઈલેક્ટ્રીક વીજ વાયર દ્વારા ખુલ્લામાં શોર્ટ મુકવાથી માનવ અને પશુ મૃત્યુ અંગે જાણકારી હોવા છતાં આરોપીએ વાયરમાં વીજ શોક ચાલુ રાખ્યો હતો. જેથી વાયરને અકસ્માતે અડકી જતાં ભુપતભાઈ હરજીભાઈ ઠુંગાને ઈલેક્ટ્રીક શોક લાગ્યો હતો. જે જીવલેણ નીવડતા તેનું મોત નિપજ્યું છે.







## તંત્રી લેખ...

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી. જેથી કેટલીક નક્કર વિગત હાથ લાગતી નથી. હવે ત્રાસવાદીઓ સામે ઓપરેશન ઓલઆઉટ અસરકારક તબક્કામાં છે. ત્રાસવાદીઓની કમર તોડી નાંખવામાં આવી છે.

# પાણીની કમીથી એલર્જીની શંકા છે

પાણીમાં કેટલીક વખત જીવાણુની સાથે ઝેરી તત્વો પણ મિક્સ થઇ જાય છે. આના કારણે બિમારી થઇ શકે છે. દર વર્ષે ૨૨મી માર્ચના દિવસે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દુષિત પાણીના કારણે કેટલીક બિમારી ફેલાઇ જાય છે. શરીર માટે પાણી કેમ જરૂરી છે તેને લઇને હમેંશા પ્રયોગ થતા રહ્યા છે. પુરતા પ્રમાણમાં શરરીમાં પાણી હોવાના કારણે શરીરમાં ચુસ્તી અને ઉર્જા બનેલી રહે છે. થાકનો અનુભવ થતો નથી. દુષિત તત્વો યુરિન અને પરસેવા તરીકે શરીરની બહાર નિકળે છે. આના કારણે શરીરમાં ફાઇબર સારી રીતે અવશોષિત થઇ જાય છે. આના કારણે રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અથવા તો ઇમ્યુનિટી પાવર વધી જાય છે. તે જોડમાં લુબ્રિકેશનને વધારે છે. વજન આના કારણે નિયંત્રિત રહે છે. પાણીની કમી થવાની સ્થિતીમાં એલર્જી થવાનો ખતરો વધે છે. ફેફસામાં ઇન્ફેક્શન, અસ્થમા અને આંતરડાની બિમારીને દુર કરે છે. શરદી, ગરમી અને કિડનીની બિમારીથી પણ બચાવે છે. આના કારણે લોહીમાં પાણીનુ પ્રમાણ ઘટી જાય છે. બ્લડ પ્રેશર વધી જાય છે. આ ઉપરાંત પાણીમાં અનેક પ્રકારના મિનરલ હોય છે. જે કેટલાક રોગથી બચાવે છે. દુષિત પાણીમાં વાયરસ હોવાન કારણે કમળા સહિતના કેટલાક રોગ થઇ શકે છે. પાણીમાં કેટલીક ચીજો મિક્સ હોય છે. પાણીમાં આર્સેનિક ફ્લોરાઇડ, કેડમિયમ, લેડ, મરકરી, નિકોલ, સિલ્વર, લોખંડ અને મેગનીજ, કેલ્શિયમ , બોરિયમ, ક્રોમિયમ અને કોપર હોય છે. જેવા હેવી મેટલની સાથે સાથે નાઇટ્રેટ, સ્લફેટ, બોરેટ અને કાર્બોનેટ જેવા લવણ પણ મિક્સ કરેલા હોય છે. આના કારણે આંતરડામાં બળતરા, લોહીની કમી, કેન્સર, સ્ટ્રોક, હાર્ટ સાથે સંબંધિત રોગ, ગરદન તેમજ અન્ય કેટલીક બિમારી થાય છે. પાણીને શુદ્ધ કરવા માટે સૌથી પહેલા પાંચ મિનિટ સુધી તેને તેજ આગ પર ગરમ કરવામાં આવે છે. જેના કારણે તેમાં હાનિકારક તત્વો નષ્ટ થઇ જાય છે. ક્લોરીનની ૧૬ બુન્દથી ચાર લીટર પાણી શુદ્ધ થઇ શકે છે. ૨૦ લીટર પાણીમાં ક્લોરીનની એક બુન્દ નાંખીને તેને એક કલાક બાદ ઉપયોગમાં લઇ શકાય છે. પહેલા પીવાની બાબત યોગ્ય નથી.જનરલ ડાયાબિટીશ કેરમાં ફ્રાંસના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો એક દિવસમાં બે ગ્લાસ અથવા તો તેનાથી પણ ઓછું પાણી પીવે છે તે લોકોમાં હાઇ બ્લડ સુગરનું સ્તર જોવા મળે છે. તેના કારણે આ પ્રકારના લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત થઇ શકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## ફૂલોના છોડની ૨૫૦૦૦થી વધુ પ્રજાતિઓ પર મધમાખી પરાગનયનનું કામ કરે છે

**પરાગાધાન નહીં કરે તો એક વર્ષમા અબજો ડોલરની આવક અને ખોરાકનો સ્રોત અદૃશ્ય થઇ જશે. વધતું જતું તાપમાન, પ્રદુષણ, જંતુનાશકો તેમજ ખેતીમાં ઉપયોગમાં લેવામાં આવતા અન્ય ઝેરી પદાર્થોનો ઉપયોગ મધમાખીઓના વિનાશનું કારણ બન્યા છે**

# લુપ્ત થતી મધમાખીઓ: બચાવવા કોણ આગળ આવશે?

**આપણા માટે અમૃત સમાન મીઠુ મધ પુરી મધમાખીઓની સંખ્યા ક્રમશઃ ઘટી રહી છે એ ચિંતાનો વિષય બન્યો છે.જો મધમાખીઓ લુપ્ત થઇ જાય છે, તો તે માનવ પ્રજાતિના અસ્તિત્વ માટે ખૂબ જ ગંભીર સમસ્યા હોઇ શકે છે**



મૂળભૂત રીતે, મધમાખીનું મુખ્ય કાર્ય અથવા ઈકોસિસ્ટમ છે પરાગાધાન. ઈકોસિસ્ટમ્સમાં મધમાખી ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે છોડની ઘણી પ્રજાતિઓ તેને ફરીથી ઉત્પન્ન કરવા માટે જરૂરી હોય છે. છોડની જેમ, પરાગ માટે મધમાખીની જરૂર હોય છે.જો પરાગ રજ ન હોય તો, તેઓ અદશ્ય થઈ જશે. જો મધમાખીઓ ફળો અને શાકભાજી કે જે આપણે ખાઈએ છીએ તેને પરાગાધાન કરવાનું બંધ કરી દે છે, તો વિશ્વ એક મહાન પોષક ફળો ગુમાવશે. મધમાખી પરાગ રજ કરે છે ફૂલોના છોડની ૨૫૦૦૦ થી વધુ પ્રજાતિઓ. આ જંતુઓ વિના, કૃષિ પ્રવૃત્તિ લુપ્ત થવાનું વલણ ધરાવે છે. પરંતુ લાખો પરિવારો જેની કૃષિ ઉપર આધારિત છે તેમની આવક ઓછી થતી જોશે. તેથી જ મધમાખીઓના અદૃય થવું એ વિશ્વના અર્થતંત્રની સ્થિરતામાં ગંભીર અસંતુલન સૂચિત કરશે. મધમાખીઓ જો કે પરાગાધાન નહીં કરે તો એક વર્ષ મા અબજો ડોલરની આવક અને ખોરાકનો સ્રોત અદૃય થઈ જશે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન તેમણે જણાવ્યું હતું કે જો મધમાખીઓ પૃથ્વીના ચહેરા પરથી ગાયબ થઈ જાય છે, તો તે મનુષ્યને અદૃશ્ય થવામાં ચાર વર્ષ પણ લેશે નહીં. મધમાખીઓ લુપ્ત થઈ ગઈ છે અથવા તેમની વિશ્વની વસ્તી એટલી ઓછી થઈ ગઈ છે કે તેઓ તેમના પરાગનયન કાર્યને પૂર્ણ કરી શક્યા નથી, ઈકોસિસ્ટમ્સનું ઈકોલોજીકલ સંતુલન નકારાત્મક અસર કરશે. પ્રાણીઓની તમામ પ્રજાતિઓ જે છોડ પર આધારિત છે તેઓ મૃત્યુ પામે છે. તેનો અર્થ પ્રાણી અને વનસ્પતિની પ્રજાતિઓનો મોટાપાયે લુપ્ત થવાનો છે, કારણ કે પરાગાધાન વિના, તેઓ ફરીથી પેદા કરી શક્યા નથી.

**મધમાખી શા માટે ગાયબ થઈ રહી છે?:**

મધમાખીની વસ્તી અને મધનું ઉત્પાદન કેમ ઘટી રહ્યું છે તે સમજાવવા માટેના ઘણાં બધાં અભ્યાસ છે. જો કે, આ પાછળનું કારણ હજુ સુધી સંપૂર્ણ રીતે જાણી શકાયું નથી. ૨૦૦૦ પછીથી વિવિધ કેસોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, તેમાંની એક સમસ્યા છે "મધમાખી વસાહતોનું સંકુચિત કરો". આ સમસ્યા એ છે કે મધમાખીની નોંધપાત્ર સંખ્યા અચાનક મધપૂડોમાંથી ગાયબ થઈ જાય છે. તે કામદાર મધમાખી છે. જે પરાગાધાન અને ખોરાકને મધપૂડોમાં લાવવાનો હવાલો લે છે. આ અચાનક ગાયબ થવાનાં કારણો ઘણા હોઈ શકે છે. ઈકોસિસ્ટમ્સમાં ફેરફારને કારણેછે. રોગોનો ફેલાવો જે મધમાખીઓને અસર કરે છે અને પ્રમાણમાં ઝડપથી ફેલાય છે. એમાના એક રોગનું ઉદાહરણ છે ઈઝરાઈલનું પાણીયુક્ત લકવો વાયરસ, જે પાંખોમાં સ્થિરતા અને તેમના મૃત્યુનું કારણ બને છે. શક્યતા છે કે મધમાખી દ્વારા અસર થાય છે જંતુનાશકો અથવા ખેતીમાં ઉપયોગમાં લેવામાંઆવતાઅન્યઝેરીપદાર્થોનોઉપયોગ મધમાખીઓના વિનાશનું કારણ બન્યા છે

**મધમાખી માટેના અન્ય જોખમો છે :**

હવામાન પલટો, વધતાજતા વૈશ્વિક તાપમાનને લીધે વિશ્વભરમાં અનેક પ્રાણીઓ અને વનસ્પતિ પ્રજાતિઓની શ્રેણીમાં અસંતુલનનું કારણ બની રહ્યું છે. પ્રાણીઓ કે જે ફક્ત એક તાપમાન બેન્ડમાં ટકી શકે છે તે તાપમાનમાં વિવિધતા હોવાથી હવે મોટા વિસ્તારોમાં ફેલાય છે. આ મધમાખીઓને અસર કરતી અને તેમની વસ્તી ઘટાડવાના ઘણા નવા શિકારીના દેખાવનું કારણ બનવા સક્ષમ છે. ઉદાહરણ તરીકે, જાપાનના ખૂની હોર્નેટ્સ, હવામાન પરિવર્તન બદલ આભાર, તેમની શ્રેણીમાં વધારો થયો છે. આ ભમરી મધમાખી માટે ઘાતક છે, એટલી હદે કે તેમાંના થોડા જ સંપૂર્ણ મધપૂડોને મારી શકે છે.

**વાયુ પ્રદૂષણ :**

મનુષ્ય હવાને લગભગ વ્યાપક રીતે પ્રદૂષિત કરે છે. ગ્રીનહાઉસ વાયુઓની સાંદ્રતા દરરોજ વધી રહી છે અને આ મધમાખીને પણ અસર કરી શકે છે. જ્યાં હવા ખૂબ પ્રદૂષિત હોય ત્યાં મધમાખીની વસ્તીને અસર થઈ શકે છે. વાયુ પ્રદૂષણ, રાસાયણિક સંદેશાઓની શક્તિને પણ ઘટાડે છે જે ફૂલો મધમાખીઓને આપે છે અને તેમને શોધવાનું વધુ મુશ્કેલ બનાવે છે. રહેઠાણોનો ટુકડો અને બગાડ:- નિવાસસ્થાનનો ટુકડો છોડ અને છોડની જાતોના વિતરણ અને વિસ્તરણના ક્ષેત્રમાં નકારાત્મક અસર કરે છે. આ રીતે, મધમાખીઓને ફૂલો શોધવા માટે અંતર વધારવું પડશે. નિવાસસ્થાનના બગાડ સાથે, છોડની જાતિઓની સંખ્યા અને તેમની સમૃદ્ધિમાં ઘટાડો થાય છે. ઈકોસિસ્ટમની આ સ્થિતિ સાથે, મધમાખીઓ તેમના સંસાધનોને ઓછું કરતી જોવા મળે છે અને એવી સંભાવના છે કે તેમને અન્ય સમૃદ્ધ ઈકોસિસ્ટમ્સમાં સ્થળાંતર કરવું પડશે અને જોખમો લેવો પડશે જેનો સમાવેશ થાય છે.

**જમીનના ઉપયોગમાં ફેરફારઃ-**

આ સ્પષ્ટ કરતાં વધુ છે. વૈશ્વિક શહેરીકરણ, નગરો અને શહેરોના નિર્માણ સાથે, જમીન મધમાખીઓને ખવડાવવા માટે જરૂરી વનસ્પતિને ટેકો આપતી નથી. શહેરી સ્થળોએ, ત્યાં મધમાખી અથવા છોડની કોઈ વસ્તી નથી જે તેમને ખવડાવી શકે, ન તો તે પરાગ રજી શકે. જેમ કે આપણે ઉપર નામ આપ્યું છે, પાકના પ્રકારો કૃષિ ક્ષેત્રે તેઓ મધમાખીઓને પણ નકારાત્મક અસર કરી શકે છે. જો તે મોનોકલ્ચર અથવા ટ્રાન્સજેનિક છે. તેઓ જંતુનાશકો અને હર્બિસાઈડ્સ અને કૃષિમાં ઉપયોગમાં લેવાતા અન્ય રસાયણોથી પણ પ્રભાવિત છે. આ રસાયણો મધમાખીઓની દિશા, મેમરી અને ચયાપચયની ભાવનાને અસર કરે છે.

**નકારાત્મક અસરો ઘટાડવાનાં પગલાંઃ-**

મધમાખીઓના અદ્રશ્ય થવામાં ભાગ લેનારી આ નકારાત્મક અસરો સામે આપણે પગલાં ભરવાનું છે. આ અસરોને રોકવા માટેના આ પગલાઓમાં કેટલાક લાંબા સમય લે છે, પરંતુ તે દરેકની પહોંચમાં વધુ કે ઓછા હોય છે. વ્યાપક સ્તરે, એક જોઈએ પ્રતિબંધિત કરવા, ઘટાડવું અથવા નિયંત્રણ કરવું મધમાખીની વસ્તીને નિયંત્રણમાં રાખી અને જંતુનાશકો અને હર્બિસાઈડ્સના ઉપયોગથી છોડના પરાગન્ય અને મધમાખીના અદ્રશ્ય થવામાં ઝેરી અસરને અટકાવી શકાય છે. આબોહવા પરિવર્તનની અસરો પણ ઓછી કરો (આ માટે ચાલુ છે પોરિસ કરાર).



ગાંધીનગરનું મહાભારત

લેખક : કિશોર અંજારીયા

## ભાજપ સરકાર પંકજકુમારથી નારાજ છે કે બીજું કંઈ છે !!??

**ગુજરાત સરકારમાં ઘણા આવા અધિકારીઓ છે જેઓ નિવૃત્ત થયા પછી પણ સરકારમાં પોસ્ટિંગ મેળવવા માટે રાજકારણીઓના ચરણ સ્પર્શ કરવા અને પગચંપી કરવા સુધીની નીચેની હદ પર જતા હોય છે.**

# પૂર્વ મુખ્ય સચિવપંકજ કુમાર હોદ્દાની ગરિમા ભૂલી હોદ્દા માટે પીએમની ટ્વીટને રીટ્વીટ કરે છે !!!???

**વર્ષો પહેલા "અર્ધ સત્ય" ફિલ્મમાં દર્શાવે છે કે પોલીસ રાજકારણીઓના પાળેલા કુતરા જેવી લગભગ બની ગઇ છે.**

સરકારમાં હોય કે રાજકારણ મા હોય કરો સાહિત્યમાં હવે ઘણા બધા ને આવા તમામ કાર્યક્ષેત્રમાં મોહ માયા છુટતા હોતા નથી પોતાની લાયકાત કરતા પણ વધુ મેળવવાની ઝંખના ને કારણે કેટલીક વાર લોકો સન્માન જળવાશે કે કેમ તે પણ ભૂલી જતા હોય છે.

ગુજરાત સરકારમાં ઘણા આવા અધિકારીઓ છે જેઓ નિવૃત્ત થયા પછી પણ સરકારમાં પોસ્ટિંગ મેળવવા માટે રાજકારણીઓના ચરણ સ્પર્શ કરવા અને પગચંપી કરવા સુધીની નીચેની હદ પર જતા હોય છે . વર્ષો પહેલા "અર્ધ સત્ય"ફિલ્મમાં દર્શાવે છે કે પોલીસ રાજકારણીઓના પાળેલા કુતરા જેવી લગભગ બની ગઈ છે.

સરકારમાં નિવૃત્તિ પછી જોડાયેલા છે તેવા કેટલાક અધિકારીઓએ તો સરકારનું વહીવટી દૃષ્ટિએ સત્યનાશ કરી દીધું છે. ગુજરાત સરકારમાં વર્ષો સુધી સલાહકાર તરીકે રહેલા બાબુભાઈ નવલા વાળા એ સિંચાઈ કે પાણી અંગે એક પણ નોંધપાત્ર કામ કરી કરેલ નથી.

કેટલાક આઈએએસ વિવિધ કોપ ર્રેશન કે પેટા કંપનીમાં નિવૃત્તિપછી જોડાઈને સરકારી સવલતો નો ખૂબ લાભ અને ગેરલાભ લેતા હોય છે. પરંતુ ગુજરાત સરકારના મુખ્ય સચિવ પદ જેવા સર્વોચ્ચ પદ પર જેમણે કામગીરી કરેલો હોય તેવા અધિકારી પણ નિવૃત્તિ પછી પણ પદ મેળવવા માટે ચાપલું સી કરવા લાગે ત્યારે લાગે કે સરકારી સત્તા ,ગાડી, બંગલા ની કેવી કુટેવ પડી ગઈ છે.

ગુજરાત સરકારના પૂર્વ મુખ્ય સચિવ પંકજ કુમારે રેરામાં નિમણૂક થાય તેવા કદાચ પ્રયત્ન કરેલા પરંતુ સરકારે ધરાર તેમની નિમણૂક કરી નહીં. વિજિલન્સ કમિશનરનાં હોદા માટે પણ પ્રયત્ન કર્યા પરંતુ સરકારે કોઈ દાદ આપી નહીં. આમ નિવૃત્તિ પછી નિમણૂક માટેના ધમપછાળા આજ સુધી સરકારે સફળ થવા દીધા નથી. આ અગાઉ પણ ૧૯૮૬ ની બેચના અને ઉદ્યોગ સચિવ રહી ચૂકેલા ઉગ્ર સ્વભાવના આઈઆઈએસને પણ નિવૃત્તિ પછી સરકારે દોઢ વર્ષ સુધી નિમણૂક આપેલી નહોતી .એ પછી વારંવાર સરકારના ચરણસ્પર્શ કરતા તેમને બે-ત્રણ મહિના પહેલા ભંગાર કહેવાય તેવી સરકારી સંસ્થામાં નિમણૂક આપેલ છે.

અગાઉના મુખ્ય સચિવ જે.એન.સિંહ ખૂબ લોકપ્રિય હ તા પરંતુ તેમણે પુનઃ નિયુક્તિ માટે કોઈ ચાપલુસી કરી નથી અને નિમણૂક માટે કોઈ પ્રયત્ન કરેલ હોવાનું પણ જાણમાં નથી. બીજી બાજુ નિવૃત્ત મુખ્ય સચિવ પંકજ કુમારે પોતાના હોદા નું ગૌરવ ભૂલી જઈને પોતાની નિમણૂક માટે ચાપું લુ સી કરવા માટે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ જે "ટ્વીટ" કરે છે તેને રી ટ્વીટ કરવાનું શરૂ કરેલ છે ...જોકે પંકજકુમાર કંઈ એટલા બધા લોક નથી કે તેની રી.. ટ્વીટ જોવા માટે હજારો કે લાખો માણસો જોતા હોય!!! આમ છતાં નરેન્દ્રભાઈનું અને અમિતભાઈનું ધ્યાન તેમની તરફ જાય એટલા માટે તેઓ રી ટ્વીટ કરે છે પરંતુ સવાલ એ નથી કે તે રી ટ વિટ કરે છે કે નહીં પરંતુ રી ટ્વિટ કરતા હોવા છતાં પણ મોદીજી તેમની પુનઃ નિયુક્તિ નથી કરતા તે સત્ય બાબત છે!!!

ગુજરાત સરકારે કેટલાક જુનિયર અને સિનિયર આઈએએસને નિવૃત્તિ બાદ પુન નિવૃત્તિ આપેલી છે પરંતુ પંકજકુમારને હજી સુધી નહીં આપવાનું કારણ ભૂતકાળમાં કરેલી કોઈ ગેરરીતી છે કે ખોટા નિર્ણયો છે કે પછી બીજા કોઈ કારણ છે તે અંગે તો મુખ્યમંત્રી જણાવી શકે ..પરંતુ વાસ્તવિકતા એ છે કે પંકજ કુમારને ઘણા પ્રયત્નોછ તા સરકારે તેમની પુનઃ નિયુક્તિ થી આજ સુધી કરેલ નથી...

# હાર્ટ સાથે સંબંધિત રોગ અને કેન્સરની તકલીફનો ખતરો રનિંગથી ૩૦ ટકા સુધી ઘટી જાય છે : કોઇ પણ પ્રકારની રનિંગથી ફાયદો થાય છે

રનિંગ આરોગ્યની સાથે સાથે લાંબી વય માટે પણ ખુબ ફાયદાકારક હોય છે. પરંતુ આના માટે જરૂરી નથી કે દરરોજ દોડ લગાવવામાં આવે. અથવા તો તેના માટે દરરોજ વોકિંગ કરવાની બાબત પણ જરૂરી નથી. સપ્તાહમાં એક દિવસ ૫૦ મિનિટ અથવા તો તેનાથી ઓછા સમય માટે દોડ લગાવનાર વ્યક્તિ પણ સ્વસ્થ રહી શકે છે. એકંદરે દોડ લગાવવાની કોઇ પણ પદ્ધિત માનવીના આરોગ્ય માટે લાભકારક સાબિત થાય છે. આ માનવીના વહેલી તકે મોતના જોખમને પણ ટાળી દેવામાં નિર્ણાયક ભૂમિકા અદા કરે છે. રિપોર્ટ વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા જારી કરવામાં આવ્યા બાદ તેની ચર્ચા જોવા મળી રહી છે. આમા સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે શારરિક ગતિવિધીમાં ઘટાડો થવાના કારણે દર વર્ષે ૩૨ લાખ લોકોના મોત થઇ જાય છે. આ એવા લોકો હોય છે જે ઓફિસમાં બેસીને મોટા ભાગના કામ કરતા રહે છે. તેમના આરોગ્ય પર સૌથી વધારે માઠી અસર થાય છે. અભ્યાસમાં દાવો કરવામા આવ્યો છે કે દરરોજ દોડ લગાવનાર લોકો, સપ્તાહમાં કોઇ એક દિવસ દોડ લગાવનાર લોકો અને બિલકુલ દોડ નહીં લગાવનાર લોકોને આવરી લઇને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ શોધ કરતી વેળા ૨૫૯૫૧ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. તેમની શારરિક ગતિવિધી પર નજર રાખવામાં આવી હતી. જે લોકો દોડ લગાવે છે તે લોકોને પણ આમાં સામેલ કરવામા આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યુ છે કે રનિંગ કરનાર લોકો શારરિક ગતિવિધી નહીં કરનાર લોકોની સરખામણીમાં આરોગ્યમાં ખુબ શાનદાર રહ્યાહતા. તેમનામાં વહેલી તકે મોતનો ખતરો પણ ઓછો રહ્યો છે. દોડ લગાવનાર લોકોમાં વહેલી તકે મોતનો આંકડો ૨૭ ટકા ઓછો રહ્યો હતો. હાર્ટ સંબંધિત સમસ્યાઓનો ખતરો પણ ૩૦ ટકા ઓછો રહ્યો છે. કેન્સર સંબંધિત બિમારીનો ખતરો પણ ૨૩ ટકા સુધી ઓછો રહ્યો છે. બે લાખ કરતા વધારે લોકોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. શોધ બ્રિટીશ જર્નલ ઓફ સ્પોર્ટસમાં પ્રકાશિત કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ કરવામાં આવેલા તમામ લોકોની વય ૩૫થી ૫૫ વર્ષની વચ્ચે આંકવામાં આવી હતી. કેટલાક નિષ્ણાંતો તો કહે છે કે જો દોડવામાં ન આવે તો ચાલીને પણ કામ ચલાવી શકાય છે. દરરોજ વોકિંગ પણ અસરકારક સાબિત થાય છે. બ્રિટનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ઝડપથી ચાલવાથી કેન્સરથી બચી શકાય છે. સ્તન કેન્સર અને આંતરડાના કેન્સરના મામલામાં ઝડપથી ચાલવાથી ઘટાડો નોંધાય છે. વર્લ્ડ કેન્સર રિસર્ચના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, હાર્ટના ધબકારા વધી જાય તેવી કોઇપણ કસરત કેન્સરથી બચવામાં મદદરૂપ નિવડે છે. શારીરિક કસરતથી સ્થૂળતામાં ઘટાડો થાય છે. ઉલ્લેખનીય છે કે, સ્થૂળતાના કારણે કેન્સરનો ખતરો વધી જાય છે. ડબ્લ્યુસીઆરએફના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શારીરિક કસરત લાંબા સમય સુધી કરવાથી નાની મોટી અન્ય તકલીફો પણ દૂર થઇ શકે છે. વૈજ્ઞાનિકોના મતે અતિ ઝડપથી ચાલવા ઉપરાંત સાઇકલીંગ, સ્વિમીંગ, ડાંસ જેવી પ્રવૃત્તિથી પણ કેન્સરને ટાળવામાં મદદ મળી શકે છે. અભ્યાસના અહેવાલના મહત્વને બ્રિટનની દ્રષ્ટિએ પણ ઉપયોગી ગણવામાં આવે છે. આ બાબતના મજબૂત પૂરાવા મળ્યાં છે કે, સક્રિય શારીરિક ગતિવિધિથી કેન્સરથી બચી શકાય છે. આવી પ્રવૃત્તિ હાથ ધરીને હજારો કેસ ઓછા કરી શકાય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, આરોગ્યને લગતા લાભ લેવા માટે દરરોજ કસરત સાથે સંબંધિત કેન્દ્રોમાં જવાની જરૂર નથી. દરરોજની પ્રવૃત્તિમાં થોડાક ફેરફાર કરીને સંકટને પણ ટાળી શકાય છે. ડો. થોમ્પસને ઝડપથી ચાલવાની બાબતને પોતાની દરરોજની ટેવમાં આવરી લેવાની સલાહ આપી છે. કેન્સર રિસર્ચ યુકે નામની સંસ્થાએ પણ ડબ્લ્યુસીઆરએફના પરિણામોને યોગ્ય ઠેરવ્યાં છે. નિયમિત રીતે સામાન્ય કસરતથી આંતરડાના કેન્સર અને સ્તન કેન્સરથી બચી શકાય છે.





Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad


91 7405321234 info@cyberoctet.com www.cyberoctet.com

# અત્યાર સુધી ન ગયા હોય તો આ વેકેશનમાં જવાનું ન ચૂકતા

## આ છે ગુજરાતના Top 3 સુંદર ફરવાલાયક સ્થળો

હાલમાં બાળકોનું વેકેશન ચાલે છે તેથી હરવા ફરવાના શોખીન રજામાં ફરવા જવાનો પ્લાન બનાવતા જ હોય છે. જો તમને પણ ફરવાનો શોખ હોય તો પણ તમારી પાસે રજાની શોર્ટેજ છે તો આજે તમને ગુજરાતના જ એવા સ્થળો વિશે જણાવીએ જે તમારા માટે બેસ્ટ છે. આ જગ્યાએ જવામાં સમય ઓછો લાગશે અને તમને પરિવાર સાથે ફરવા અને જોવા માટે ઘણું મળશે. ગુજરાતના ઘણા તીર્થધામો, શહેરો તેની વિવિધ ખાસિયતો વિશે જાણીતા છે. અહીં કુદરતી સૌંદર્યને પેટ ભરીને માણી શકાય છે. આવા સ્થળોની વાત આવે તો ગુજરાતમાં 3 એવી જગ્યાઓએ છે જ્યાં ફરવા જવું જ જોઈએ. આ જગ્યાઓએ માત્ર કુદરતની જ લીલાઓ આગળ રાચવાનું હોય, ઈશ્વરના બક્ષેલા પ્રાકૃતિક તત્વો નિહાળવાના હોય છે. ગુજરાતમાં પણ આવા સ્થળો છે કે જ્યાં તમે પ્રકૃતિને પેટ ભરીને પામી શકો. આ જગ્યાઓ વિશે વાંચીને તમે તુરંત અહીં ફરવા જવાનું પ્લાનિંગ કરી જ લેશો. ગુજરાતની આ 5 જગ્યા એવી છે જ્યાંનો પ્રવાસ જીંદગીનું યાદગાર સંભારણું બની રહે છે.

### ગિરનાર



ચોમાસામાં અહીં સૌથી વધારે મજા આવે છે. અહિંના ધોધો, અહિંના ઝરણાં અને અહિં મળતી અનેક ઔષધિઓ. દિવસરાત ભટકતાં જ રહો એવો આશય ઉભો થાય ! ગિરનારની ટૂંક ઉપર ગુરૂદત્ત બીરાજે છે.તો ઉપરકોટનો કિલ્લો પણ એની ભવ્યતા માટે આકર્ષક છે. ગીરની લીલોતરી વિશે તો આગળ વાત કરી પણ હવે ગીર જેને લીધે જાણીતું બન્યું એવા ગિરનાર વિશે. ગુજરાતનું સૌથી મહત્વનું તીર્થધામ અને શ્રેષ્ઠત્તમ ઉંચાઇ ! જુનાગઢની ઉપર ગિરનાર જાણે પડછાયો બનીને ઉભો છે.

### ગીરનું જંગલ



આ દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે. ચોમાસામાં તો અહીં વનરાજી ખીલી ઉઠે છે. ગુજરાતનો સૌથી મોટો અયણ્ય વિસ્તાર એટલે ગીર ! વનરાજોની વસ્તી ધરાવતો અદ્ભુત અરણ્ય સંગમ.અનેક જાતના વૃક્ષો ધરાવતો અને અનેક નદી નાળાં સમેત ઝરણા ધરાવતો ભવ્ય પ્રકૃતિ મહોત્સવ ! માઇલો સુધી પથરાયેલ ગીરનું જંગલ પ્રકૃતિની પૂર્ણતા છે. અહિં આવેલ "ગીર નેશનલ પાર્ક"ની મુલાકાત ખરેખર લેવા જેવી છે. ગીરમાં આવ્યા પછી સિંહ જોવા ન મળે તો તો થઇ રહ્યું ! એ ઉપરાંત પણ અનેક પ્રાણીઓ અહિં મુક્ત રીતે વિહરે છે.પ્રકૃતિ અને પ્રાણીઓના સંગમ સ્થાન સમાન આ સ્થળની મુલાકાત લેવી સદાય અવિસ્મરણીય બની રહેશે.

### તારંગા



જૈનોના તીર્થ ગણાતા તારંગામાં તમને ડુંગરોની વચ્ચે આવેલા આ જૈન મંદિરો જોવાનો અનેરો લ્હાવો મળશે. મહેસાણાના સતલાસણા તાલુકામાં તારંગા કે તારંગાહિલ નામે ઓળખાતી અંદાજે ૧૨૦૮ ફિટ ઉંચી આ ટેકરી આવેલી છે. મુખ્યરૂપે તો તે અરવલ્લીની પર્વતમાળાનો એક ભાગ જ છે. અહિંની પર્વતીય સુંદરતા જોવાલાયક છે.ઉપરથી માઇલો સુધી પથરાયેલ અરવલ્લીના અનેક ટેકરાઓની રમણીયતા નજરે પડે છે. અહિં જૈન મંદિરૌ આવેલા છે. કુમારપાળે અહિં ભગવાન અજિતનાથનું સુંદર દેરું બનાવેલું છે. અહિં ઘણા જૈન મંદિરો આવેલા છે. જૈન લોકો માટે આ સ્થળ શ્રધ્ધાનું કેન્દ્ર છે. અહિંની મુલાકાત પણ મનોહર છે.

# શું તમને પણ ઓફિસ અવર્સમાં ઊંઘ આવે છે? તો NASAનું આ રિસર્ચ છે જાણવા જેવુ



ઓફિસમાં ઝોકું ખાવુ જાણે એક રિવાજ જેવુ બની ગયુ છે. અમુક લોકો લંચ બ્રેકમાં ઝોકું ખાઈ લે છે તો અમુક કામમાંથી થોડો સમય કાઢીને ઝોકું ખાઈ લે છે. ઘણી વખત આવુ કરવુ મજાક બની જાય છે અને ઘણી વખતે બોસ તરફથી ઠપકો સાંભળવાનો ડર પણ લાગે છે. ઓફિસમાં ઝોકુ ખાવાથી તમારા પર પ્રશ્નો ઉઠવા લાગે છે. જો તમને પણ આવી કોઈ આદત હોય તો હવે ડરવાની જરૂર નથી. કેમ કે હવે ઘણી બધી કંપનીઓ પોતે જ કર્મચારીઓને ઊંઘવાનું કહી રહી છે. જે રીતે કંપનીમાં લંચ બ્રેક અને ટી બ્રેક આપવામાં આવે છે તે જ રીતે હવે ઘણી જગ્યાએ કામની વચ્ચે એક નાના પાવર નેપની સુવિધા મળશે. આનાથી કોઈ નુકસાન નહીં થાય પણ ફાયદો થશે. આનાથી પ્રોડક્ટિવિટી વધી જશે અને તમે એક બેસ્ટ કર્મચારી બની જશો.

## NASAનું રિસર્ચ

નાસાના રિસર્ચમાં એ વાત સામે આવી છે કે જો તમે 10 મિનિટથી લઈને 25 મિનિટ સુધી સૂઈ જાવ છો તો તમે વધુ એલર્ટ રહી શકો છો. આવુ કરવાથી તમારુ ફોકસ 34 ટકા વધી જાય છે. આ નાના-નાના ઝોકાંઓને કેટનેપ કહેવામાં આવે છે.

ડિસેમ્બર 2019માં નાસાની એક સ્ટડી સામે આવી જેમાં એ કહેવામાં આવ્યુ કે નેપ એટલે કે અમુક મિનિટોને લઈને 45 મિનિટ સુધી ઊંઘ લેવાના મોટા ફાયદા છે. ખાસ કરીને જ્યારે ઊંઘ બપોરે લેવામાં આવે ત્યારે આના ખૂબ ફાયદા મળે છે. સ્પેસ એજન્સીએ પાયલટ પર પ્રયોગ દરમિયાન જાણ્યુ કે ઉડાન ભર્યા પહેલા લગભગ 25 મિનિટનું પાયલટ ઝોકું લઈ લે છે તો ફ્લાઈંગ દરમિયાન તેઓ ખૂબ એલર્ટ રહે છે અને કામમાં પણ લગભગ 34 ટકા સુધી શ્રેષ્ઠ રહે છે. નાસા અનુસાર 10 મિનિટથી લઈને અડધા કલાક સુધીનો નેપ પૂરતો છે. આના કરતા લાંબા સમય સુધી સૂઈ રહેવાથી માણસ થોડા સમય સુધી સુસ્ત પડી રહે છે.

## જાપાનમાં ઝોકું ખાતા લોકોને મહેનતું માનવામાં આવે છે

સમગ્ર દુનિયાની કંપનીઓ ઝોકું લેવાની વાત કરી રહી છે પરંતુ જાપાન આમાં પહેલેથી જ નંબર વન પર છે. ત્યાં કામની વચ્ચે સૂવુ મૅંડેટરી છે. જાપાનમાં કોઈ પણ ઓફિસમાં જાવ તો બપોરે ત્યાં ડેસ્ક પર સૂતેલા લોકો જોવા મળશે. આ સિવાય તમને લોકો રેસ્ટોરન્ટ, કેફે, મેટ્રોમાં પણ લોકો સૂતેલા જોવા મળશે. ઝોકાં ખાતા લોકોને ત્યાં મહેનતી માનવામાં આવે છે.

## આ ભારતીય કંપનીએ શરૂ કરી સુવિધા

એક ભારતીય સ્ટાર્ટઅપ કંપની વેકફિટ સોલ્યૂશને પણ પોતાના તમામ કર્મચારીઓને મેઈલ દ્વારા માહિતી આપી દીધી છે કે તેઓ હવે અડધો કલાક ઓફિસમાં સૂઈ શકે છે. આ માટે સત્તાવાર સમય પણ જાહેર કરી દેવાયો છે. કંપનીનું કહેવુ છે કે આવુ કરવાથી તેમના કર્મચારી સ્વસ્થ રહેશે.

# બાળકોને ખાવાનું ખવડાવતી વખતે આ બાબતોનું ખાસ ધ્યાન રાખો

બાળકો માટે વિશેષ કાળજી ઘરમાં રાખવામાં આવતી હોય છે અને તેને પોષણ મળી રહી તે માટે યોગ્ય ખોરાક પણ તૈયાર કરવામાં આવે છે. આ બધાની વચ્ચે જો બાળકોને ખવડાવવાની રીત જ એવી હોય કે તેના લીધે બાળકનું સ્વાસ્થ્ય જોખમાય તો પહેલાં એ બાબતે ખાસ કાળજી રાખવી જોઈએ.

માં પોતાના બાળકોની ખાસ કાળજી રાખે છે અને તેને ખાવાનું પણ વ્યવસ્થિત રીતે ખવડાવાનો પ્રયત્ન કરે છે. દરેક માતા પોતાના બાળકની કાળજી રાખે જ છે પણ અમુક ટેવના લીધે બાળકો પર જોખમ વધી શકે છે.

જ્યારે માતા ગરમ ખાવાનું બાળકને ખવડાવે છે ત્યારે બાળકનું મોઢું ગરમ ખાવાથી બળી ન જાય તે માટે ફૂંક મારે છે. આ ફૂંક મારવાથી બાળકને બિમારી થઈ શકે છે કારણ કે જ્યારે માતા ફૂંક મારે છે ત્યારે તેના શરીરમાં રહેલાં બેક્ટેરિયા પણ ખોરાક સાથે ચોંટી જાય છે. ફૂંક મારવાથી

## અમુક ટેવના લીધે બાળકો પર વધી શકે છે જોખમ

વાતાવરણના બેક્ટેરિયા પણ તે ખોરાકને સ્પર્શ કરે છે અને તે બેક્ટેરિયાના લીધે બાળકને બિમારી થઈ શકે છે. આમ માતાએ આ રીતે બાળકોને જો ખવડાવવાની આદત હોય તો તે બદલવી જોઈએ જેના દ્વારા બાળકની તબિયત સારી જળવાઈ રહે. ખરેખર એક માતા પ્રેમથી પોતાના બાળકને ખવડાવવા પ્રયત્ન કરે છે પણ તેની પાછળ આ કારણ બિમારી નોતરી શકે છે તે માતાને ખબર પણ નથી હોતી. બાળકોને જો ગરમ ખાવાનું તૈયાર કરાયું હોય તો તેને પંખા નીચે ઠંડુ થવા માટે રાખી દો, ફૂંક મારવાથી ખોરાકમાં બેક્ટેરિયા પ્રવેશી શકે છે. બાળકોને ખવડાવતી વખતે જે-તે વાસણને પણ સાફ રાખવા જોઈએ કારણ કે જો આમ ન થાય તો બાળક બિમાર થઈ શકે છે.



# મહિલાઓ, સોલો ટ્રિપ પર જતા પહેલા બેઝિક સેફ્ટી ટિપ્સ કરો ફોલો, ફરવાની મજા થઇ જશે બમણી



વર્તમાન સમયમાં મહિલાઓ સશક્ત અને સ્વતંત્ર થઈ ચૂકી છે. દરેક કાર્ય તે એકલી જ કરવા ઈચ્છે છે. હરવા-ફરવા માટે પણ એકલી જ જાય છે. આ જ કારણ છે કે આજકાલ મોટાભાગની મહિલાઓ સોલો ટ્રિપ કરવાનું પસંદ કરે છે. આની ખાસિયત છેકે તમે જેમ મન ઈચ્છે તેવુ કરી શકો છો. અત્યારે ઘણી બધી મહિલાઓમાં સોલો ટ્રિપનો ક્રેઝ છે. દરમિયાન જો તમે પણ સોલો ટ્રિપ પર જવા ઈચ્છો છો તો તમને અમુક બેઝિક સેફ્ટી ટિપ્સ વિશે જાણકારી હોવી જોઈએ. જો તમે આ તમામ સારી વાતો ધ્યાનમાં રાખીને સોલો ટ્રિપ પર જશો તો ખૂબ એન્જોય કરી શકશો અને સુરક્ષિત રીતે એક્સપ્લોર કરીને પાછા પોતાના ઘરે આવી શકશો.

## સોલો ટ્રિપ માટે બેઝિક સેફ્ટી ટિપ્સ

1 જો તમે એકલા કોઈ નવા સ્થળ પર જઈ રહ્યા છો તો સૌથી પહેલા તે સ્થળ વિશે સારી રીતે જાણકારી એકત્ર કરી લો. તમે યુટ્યુબ વગેરે પર ઘણા બધા બ્લોગ પણ જોઈ શકો છો. તેનાથી અંદાજો આવી જાય છે કે તે સ્થળ કેવુ છે. આ સિવાય જો તમારા કોઈ મિત્ર કે જાણીતા લોકો ત્યાં જઈ ચૂક્યા હોય તો તેમની પાસેથી પણ જાણકારી એકત્ર કરી લો. જેમ કે ત્યાં રોકાણની વ્યવસ્થા કેવી છે. શોપિંગ મોલ ક્યાં છે. કઈ હોટલ માર્કેટથી વધુ નજીક છે વગેરે. આ સિવાય તમે સ્થાનિક કાયદા વિશે પણ સમગ્ર જાણકારી એકત્ર કરી લો.

2 સોલો ટ્રાવેલ કરી રહ્યા છો તો સેફ્ટીનું ધ્યાન દરેક સમયે રાખવુ જોઈએ. દરમિયાન તમે તમારુ લાઈવ લોકેશન પોતાના પરિવારજનો સાથે જરૂર શેર કરો. સમયાંતરે તમે પોતાની ફેમિલીને પોતાના ટ્રાવેલ સાથે જોડાયેલી જાણકારી આપતા રહો. તમે વધુ મોડી રાત સુધી કોઈ અજાણ્યા શહેરમાં ટ્રાવેલ ના કરો.

3 જ્યાં પણ ફરવા જાવ ત્યાં તમે પોતાને એકલા હોવાનું દર્શાવવાથી બચો. જો તમે એવુ નહીં કરો તો તમને કોઈ છેતરી શકે છે. લોકોની વાતોમાં આવ્યા પહેલા પોતે જ બધુ ઓનલાઈન સર્ચ કરી લો.

4 કોઈ પણ અજાણ્યા વ્યક્તિ સાથે મિત્રતા લિમિટ રાખીને કરો. અજાણ્યા પર જરૂરિયાતથી વધુ વિશ્વસા કરવો યોગ્ય નથી. અજાણ્યા લોકો સાથે પોતાની વ્યક્તિગત જાણકારી શેર ના કરો. જેમને તમે જાણતા નથી તે લોકોનું આમંત્રણ પણ ના સ્વીકારો.

5 સોલો ટ્રાવેલ કરી રહ્યા હોવ તો તમે તમારા આરોગ્યનો પણ ખ્યાલ રાખો. જો તમને કોઈ પ્રકારની એલર્જી અને મુશ્કેલી છે તો તેની દવા પહેલેથી લઈ લો. પોતાની સાથે ફર્સ્ટ એડ બોક્સ જરૂર રાખો. શરદી, તાવ, માથાનો દુખાવા જેવી દવાઓ પોતાની પાસે રાખો જેથી કટોકટીની સ્થિતિમાં મુશ્કેલીનો સામનો કરવો ના પડે.

6 સોલો ટ્રાવેલિંગ માટે સૌથી જરૂરી એ છે કે પોતાની સાથે સામાન ઓછો રાખો. શ્રેષ્ઠ એ હશે કે એક મોટી બેગ પોતાની સાથે રાખો. આ સિવાય તમે એક બેગ પેક રાખો જેમાં તમે તમારો જરૂરિયાતનો સામાન રાખી શકો. જેથી તમે આરામથી ફરી શકો.

# ઉનાળામાં જરૂર ખાવા જોઈએ તુરિયા, સ્વાસ્થ્યને મળશે આ જબરદસ્ત ફાયદા

ગુજરાત સહિત દેશભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ઠંડક માટે લોકો અલગ-અલગ નુસ્ખાઓ અજમાવતા હોય છે. આ સમયમાં કેટલાક શાકભાજી અને ફળો ખાવા ફાયદાકારક હોય છે. એમાંથી એક છે તુરિયા. તુરિયા ગુણોનો ભંડાર છે અને માત્ર 20 મિનિટમાં તેનું સ્વાદિષ્ટ શાક તૈયાર થઈ જાય છે. રોટલી અને ભાત સાથે આ શાકને ખાઈ શકાય છે. તુરિયા શરીરની ગરમીને ઓછી કરવામાં મદદ કરે છે. સાથે જ ત્વચાના રોગો દૂર કરે છે. તુરિયાના યોગ્ય ઉપયોગથી વાળ ખરતાં ઓછા થાય છે અને વજન પણ ઘટે છે. આમ, તુરિયાના અનેક ગુણો છે. એટલે જ અમે આપના માટે લાવ્યા છે તુરિયાની કઢીની નવીન રેસિપી



## તુરિયાની કઢી માટે સામગ્રી

- તુરિયા- એક કિલો
- હળદર- એક મોટી ચમચી
- તેલ- બે મોટી ચમચી
- નમક- સ્વાદાનુસાર
- ડુંગળી- 1 કપ
- કોથમીર- એક મોટી ચમચી

## તુરિયાનું શાક બનાવવાની રીત

1. સૌથી પહેલા તુરિયાની છાલ ઉતારી નાના-નાના ટુકડા કરી લો. જે બાદ ધાણાભાજી પણ સમારી લો.
2. તુરિયાને સમારી લીધા પછી એક પેન ગેસ પર રાખો અને તેને ગરમ કરો. તેમાં તેલ મુકીને સમારેલા તુરિયા નાખી દો. થોડીવાર તેને પકાવો. જે બાદ સમારેલી ડુંગળી નાંખો અને 2 થી 3 મિનિટ સુધી પકાવો.
3. હવે તમામ મસાલાઓને કડાઈમાં નાંખી દો.હવે તેમાં લાલ મરચું, હળદર અને નમક નાંખો. નરમ થવા સુધી ચડવા દો. જ્યારે શાકમાંથી તેલ નિકળવા લાગે ત્યારે ગેસ બંધ કરો અને કોથમીરથી ગાર્નિશ કરી ગરમ ગરમ પીરસો.

# ઘણા રોગોમાં પાણીપુરી ખાવાના આ છે ફાયદા....

ભારતમાં પ્રખ્યાત સ્ટ્રીટ ફુડ પાણીપુરી ખાવાનું ચલણ ખૂબ જ ફેમસ છે. ખાટી-મીઠ્ઠી અને મસાલેદાર પાણીપુરી જોઈને ભલભલાના મોંમા પાણી આવી શકે છે. પાણીપુરી ખાવાથી ઘણા રોગો જડથી ખતમ કરી દે છે. આજે અમે તમને પાણીપુરી ખાવામા એટલા જોરદાર ફાયદા જણાવવા જઈ રહ્યા છીએ જેના માટે તમે કદાચ જ જાણતા હશો. પાણીપુરી ખાવાથી ફક્ત મોંનો ટેસ્ટ જ નથી બદલાતો, પણ આ હેલ્થ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તો આવો જાણીએ પાણીપુરી કેવી રીતે આપના સ્વાસ્થ્યને ફાયદાકારક સાબિત થઈ શકે છે.



## એસિડિટી ખતમ કરવામાં કારગર

જલઝીરા પાણીમાં રહેલ ઝીરો મોંમાંથી આવતી દુર્ગંધને રોકવાની સાથે પાચનમાં મદદ કરે છે. તો વળી પુદીના એન્ટીઓક્સીટડેંટ અને ફાઈટોન્યૂટ્રિએંટથી ભરપૂર હોય છે. જે ડાઈજેશનમાં હેલ્પ કરે છે. કેટલીય વાર એસિડિટીની સમસ્યા થવા પર ડોક્ટર ઠંડુ પાણી પીવાની સલાહ આપે છે, જેમ કે જલઝીરા, જલઝીરાનું પાણી પાણીપુરીને સૌથી જરુરી ભાગ હોય છે. જલઝીરા પાણીમાં રહેલું ઝીરુ, આદુ, પુદીના, સેંધા નમક, ધાણા એસિડીટીની સમસ્યાને દૂર કરે છે.

## મોટાપો ઘટાડવામાં મદદ...

પાણીપુરી મોટાપા ઘટાડવામાં મદદ કરે છે. કારણ કે તેને પ્રોટીનયુક્ત બનાવવા માટે બાફેલા ચણાનો ઉપયોગ થાય છે. તેને લઈને તેમાં કેલોરીની માત્રા ખૂબ જ ઓછી હોય છે. જો કે મોટાપામાં કારગાર સાબિત થશે. જો આપ પાણીપુરી ઘરે બનાવો છો તો સોજી અથવા આટાની જગ્યાએ હોલ વીટ આટાની મદદ લઈ શકો. સાથે જ દહીંનો ઉપયોગ કરવાનું સાર રહેશે

## મોંમાં પડેલા ચાંદાનો ઈલાજ

પાણીપુરી મેગ્નેશિયમ, મેંગનીઝ, પોટેશિયમ, ફોલેટ, ઝિંક અને વિટામિન બી-6, બી-12 અને ડીનો સારામાં સારો સ્ત્રોત હોય છે. એટલા માટે તેને ખાવાથી સ્વાસ્થ્યના કેટલાય લાભ થાય છે. મોની ચાંદી પડી હોય તો, પાણીપુરીના પાણીથી ફાયદો થશે. પાણીપુરીમાં ઉપયોગ થતાં જલઝીરાનું પાણી અને પુદીના આ ચાંદાની સારવાર માટે ખૂબ જ કામમાં આવશે.

## બ્લડ શુગરને કરે છે કન્ટ્રોલ

ડાયાબિટીસના દર્દીઓ સૌથી વધારે ધ્યાન પોતાના ખાવા પર આપતા હોય છે. કારણ કે ખાવામાં જરાં પણ આમ તેમ તશે તો શુગર લેવલ વધી જશે. પણ ઓછા કાર્બવાળી સામગ્રી હોવાના કારણે ડાટાબિટીસના દર્દીઓ માટે પાણીપુરી ફાયદાકારક સાબિત થઈ શકે છે. જો કે, તેની ખાવાની માત્રા શું હોવી જોઈએ. તેની ડોક્ટર્સ પાસે સલાહ લેવી જરુરી છે.

# કાઠમંડુ ખીણમાં ૩૦ થી વધુ પોલીસ ચોકીઓ અને પોલીસ સ્ટેશનો સંપૂર્ણપણે બળીને ખાખ








કાઠમંડુ : નેપાળના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કાર્કી વચગાળાના વડા પ્રધાન બન્યા પછી, હવે નેપાળના રસ્તાઓ પર શાંતિ છે અને હિંસા બંધ થઈ ગઈ છે. પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે. પરંતુ જે હિંસા ફાટી નીકળી તેમાં કાઠમંડુ ખીણમાં ૩૦ થી વધુ પોલીસ ચોકીઓ અને પોલીસ સ્ટેશન સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયા.પ્રાપ્ત માહિતી અનુસાર, કાઠમંડુમાં હિંસાગ્રસ્ત રસ્તાઓ અને કાટમાળ સાફ કરવા માટે સ્વયંસેવક જૂથો અને યુવાનો કામ કરી રહ્યા છે. કાટમાળ વચ્ચે પોલીસ સ્ટેશનમાં એક કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે. મદદ માટે સતત કોલ પણ આવી રહ્યા છે.આજથી, પશુપતિનાથ મંદિર બધા ભક્તો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આજે નેપાળમાં મંત્રીમંડળનું વિસ્તરણ થવાની શક્યતા છે. રાષ્ટ્રપતિએ સંસદ ભંગ કરી દીધી હોવાથી નેપાળના રાજકારણમાં આગળ શું થશે તેના પર બધાની નજર છે.સુશીલા કાર્કીના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકારની ભલામણ પર સંસદ ભંગ કર્યા પછી, રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે પણ જાહેરાત કરી હતી કે ૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ નવી ચૂંટણીઓ યોજાશે. તમને જણાવી દઈએ કે નેપાળમાં એક અઠવાડિયા સુધી હિંસક વિરોધ પ્રદર્શન ચાલુ રહ્યા, ત્યારબાદ તત્કાલીન પીએમ કેપી શર્મા ઓલીને તેમના પદ પરથી રાજીનામું આપવું પડ્યું અને સુશીલા કાર્કીના નેતૃત્વ હેઠળની વચગાળાની સરકાર રચાઈ.

## ફરાહ ખાને નરગિસ ફખરીના લગ્નનું પેપર ફોડી નાખ્યું



। મુંબઇ, તા.૧૪ ।

નરગિસ ફખરીએ ગત ફેબ્રુઆરીમાં તેના બોયફ્રેન્ડ ટોની બેગ સાથે ગૂપચૂપ લગ્ન કરી લીધાં હોવાની વાત વહેતી થઈ હતી. જોકે, નરગિસે પોતે ક્યારેય આ સમાચાર કન્ફર્મ કર્યા ન હતા. હવે ફરાહ ખાને નરગિસનાં લગ્ન થઈ ચૂક્યાની વાત અનાયાસે જ જાહેર કરી દીધી છે. મુંબઈમાં એક ઈવેન્ટના એક વિડીયોમાં નરગિસ, ટોની બૈગ અને ફરાહ ખાન પોઝ આપ તાં જોવા મળી રહ્યા છે.ફરાહ ટોનીને કહેતા સંભળાઈ રહી છે કે, તારી પત્ની સાથે પોઝ આપ. આ વિડીયો વાયરલ થયો છે અને તે સાથે જ નરગિસનાં લગ્ન થઈ ચૂક્યાનું પણ કન્ફર્મ થઈ ગયું છે. નરગિસનો પતિ ટોની બેગ મૂળ કાશ્મીરનો છે. અમેરિકામાં તેની કંપની હેલ્થ બિઝનેસ તથા વસ્ત્ર ઉદ્યોગમાં પણ સક્રિય છે.

તે બહુ ધનાઢ્ય હોવાનું કહેવાય છે. કહેવાય છે કે, નરગિસે ગત ફેબ્રુઆરી મહિનામાં જ લોસ એન્જલિસમાં બહુ અંગત સ્વજનોની હાજરીમાં તેનાં લગ્ન કરી લીધાં હતાં. તે પછી તેના સ્વિત્ઝર્લેન્ડ પ્રવાસની તસવીરો વાયરલ થઈ હતી. તે વખતે લોકોએ નરગિસ હનીમૂન પર હોવાની અટકળો વ્યક્ત કરી હતી. ગત ફેબ્રુઆરીમાં સિક્રેટ વેડિંગ કર્યાં હતાંનરગિસનો પતિ ટોની બેગ અમેરિકાનો બહુ ધનાઢ્ય બિઝનેસમેન છે

### શનિવારે આ સંદર્ભે ઉત્તર એટલાન્ટિક સંગઠન (નાટો) ને પત્ર લખ્યો છે

## રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ચીન પર પણ ૫૦ થી ૧૦૦ ટકા ટેરિફ લાદવાની માંગ કરી

**નાટો દેશોને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને ચીન પર કડક પ્રતિબંધો લાદવા વિનંતી કરી । જેથી યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત આવી શકે**

। વોશિંગ્ટન, તા.૧૪ ।

ભારત પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ચીન પર પણ ૫૦ થી ૧૦૦ ટકા ટેરિફ લાદવાની માંગ કરી છે. તેમણે શનિવારે આ સંદર્ભે ઉત્તર એટલાન્ટિક સંગઠન (નાટો) ને પત્ર લખ્યો છે. ટ્રમ્પે રશિયાના યુદ્ધ મશીનને તોડવા માટે ચીન પર ૫૦-૧૦૦% ટેરિફ લાદવાની માંગ કરી હતી. તેમણે નાટો દેશોને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને ચીન પર કડક પ્રતિબંધો લાદવા વિનંતી કરી છે. જેથી યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત આવી શકે. આ સાથે, રશિયાની આર્થિક સ્થિતિ નબળી પડી શકે.ટ્રમ્પે નાટો દેશોને એક પત્ર લખ્યો જે તેમના સત્ય સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યો હતો. આમાં, તેમણે લખ્યું, "હું રશિયા પર કડક પ્રતિબંધો લાદવા તૈયાર છું, જ્યારે બધા નાટો દેશો આ માટે સંમત થાય છે, ત્યારે તેઓએ પોતે પણ આ કરવાનું શરૂ કરવું જોઈએ અને બધા નાટો દેશોએ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું જોઈએ." તેમણે આગળ લખ્યું, "ચીન પર ૫૦% થી ૧૦૦% ટેરિફ લાદવો, જે રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત થયા પછી દૂર કરવામાં આવશે. આ પગલું આ ઘાતક ... પરંતુ મૂર્ખ યુદ્ધને સમાપ્ત




કરવામાં ખૂબ મદદરૂપ થશે."ભારત પછી, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હવે ચીન પર પણ ૫૦ થી ૧૦૦ ટકા ટેરિફ લાદવાની માંગ કરી છે. તેમણે શનિવારે આ સંદર્ભે ઉત્તર એટલાન્ટિક સંગઠન (નાટો) ને પત્ર લખ્યો છે. ટ્રમ્પે રશિયાના યુદ્ધ મશીનને તોડવા માટે ચીન પર ૫૦-૧૦૦% ટેરિફ લાદવાની માંગ કરી હતી. તેમણે નાટો દેશોને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવા અને ચીન પર કડક પ્રતિબંધો લાદવા વિનંતી કરી છે. જેથી યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત આવી શકે. આ સાથે, રશિયાની આર્થિક સ્થિતિ નબળી પડી શકે.ટ્રમ્પે નાટો દેશોને એક પત્ર લખ્યો જે તેમના સત્ય સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવ્યો હતો. આમાં, તેમણે લખ્યું, "હું રશિયા પર કડક પ્રતિબંધો લાદવા તૈયાર છું, જ્યારે બધા નાટો દેશો આ માટે સંમત થાય છે, ત્યારે તેઓએ પોતે પણ આ કરવાનું શરૂ કરવું જોઈએ અને બધા નાટો દેશોએ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું જોઈએ." તેમણે આગળ લખ્યું, "ચીન પર ૫૦% થી ૧૦૦% ટેરિફ લાદવો, જે રશિયા-યુક્રેન યુદ્ધ સમાપ્ત થયા પછી દૂર કરવામાં આવશે. આ પગલું આ ઘાતક ... પરંતુ મૂર્ખ યુદ્ધને સમાપ્ત કરવામાં ખૂબ મદદરૂપ થશે."

ટ્રમ્પે કહ્યું કે નાટો સભ્ય દેશ તુર્કી ચીન અને ભારત પછી રશિયા પાસેથી તેલનો ત્રીજો સૌથી મોટો ખરીદનાર છે.

### પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આરોપીની ધરપકડની જાણકારી આપી

## ચાર્લી કર્કનો હત્યારો ઝડપાયો ટ્રમ્પે કહ્યું, મોતની સજા આપીશું

**કર્કના હત્યારા અંગે પોલીસને ૭૦૦૦થી વધુ લોકોએ બાતમી આપી : પોલીસે હત્યારાનું નામ જાહેર કર્યું નથી**

। વૉશિંગ્ટન, તા.૧૪ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ચાર્લી કર્કનો હત્યારો ઝડપાઈ ગયો છે. એક લાઈવ ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઉચ્ચ સૂત્રોએ આપેલી જાણકારી પ્રમાણે હત્યારો પકડાઈ ગયો છે. તેની ખૂબ નજીકના વ્યક્તિએ કહ્યું છે કે આ તે જ છે. કાયદા અમલીકરણ સાથે સંકળાયેલા એક મંત્રીએ આરોપીને અધિકારીઓને સોંપી દીધો છે. જોકે, અમેરિકન પ્રમુખે કે એજન્સીઓએ હત્યારાની ઓળખ જાહેર કરી ન હતી. ચાર્લી કર્ક અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ના વિશ્વાસુ સહયોગી હતા. પ્રમુખપદના કેમ્પેઈનિંગમાં તેણે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. યુટામાં યુનિવર્સિટીના એક કાર્યક્રમ દરમિયાન તે ભાષણ આપી રહ્યા હતા ત્યારે તેની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે આ હત્યાને આયોજનપૂર્વક કરાયેલી હત્યા ગણાવી હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેને રાજકીય હત્યા ગણાવી હતી. ટ્રમ્પે તો તેમના વિશ્વાસુ કર્કની હત્યા પછી એવુંય કહ્યું હતું કે તે અમેરિકાના સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રેસિડેન્શિયલ મેડલ ઓફ ફ્રીડમનો હકદાર છે.અધિકારીઓને ઘટના સ્થળેથી એક હાઈપાવર્ડ બંદૂક મળી આવી હતી. હત્યારો છત કૂદીને ઘટના સ્થળેથી જંગલમાં નાસી ગયો હતો એવી અધિકારીઓને શંકા હતી. ગોળીબાર થયો પછી સુરક્ષા અધિકારીઓ કર્ક તરફ ગયા હતા, પરંતુ તે સિવાયના અસંખ્ય લોકો ક્લાસરૂમ તરફ ભાગ્યા હતા અને બચવા માટે ક્લાસરૂમમાં ભરાઈ રહ્યા હતા. ઘટના પછી કેમ્પસમાં પ્રૂવ મી રોંગના નારા લાગ્યા હતા.તપાસ એજન્સી એફબીઆઈએ ઘટના સ્થળના સીસીટીવીના ફૂટેજમાંથી મેળવેલો વિડીયો અને ફોટો આખાય દેશમાં મોકલી દીધા હતા. બધા જ રાજ્યોમાં હત્યારાને ઝડપી લેવા તજવીજ શરૂ થઈ હતી. આ આરોપીના સંદર્ભમાં પ ોલીસને ૭૦૦૦થી વધુ લોકોએ ટિપ્સ આપી હતી. એ બાતમી પોલીસને ખૂબ ઉપયોગી નીવડી હતી.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ચાર્લી કર્કનો હત્યારો ઝડપાઈ ગયો છે. એક લાઈવ ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઉચ્ચ સૂત્રોએ આપેલી જાણકારી પ્રમાણે હત્યારો પકડાઈ ગયો છે. તેની ખૂબ નજીકના વ્યક્તિએ કહ્યું છે કે આ તે જ છે.

## બિપાશા બાદ હવે અનુષ્કા માટે ટિપ્પણીથી મૃણાલ ઠાકુર વિવાદમાં



। મુંબઇ, તા.૧૪ ।

અગાઉ બિપાશા બસુ એક સ્ત્રી નહિ પરંતુ મર્દાના લાગે છે તેવી જૂની ટિપ્પણી માટે વિવાદમાં આવેલી મૃણાલ ઠાકુર હવે અનુષ્કા શર્મા માટેની એક જૂની ટિપ્પણી માટે ફરી ટ્રોલ થઈ રહી છે. વાયરલ થયેલા જૂના વિડીયોમાં તે અનુષ્કાનું નામ લીધા વિના એવી ટિપ્પણી કરી રહી છે કે તેણે ભલે મને બાદમાં હિટ થયેલી ફિલ્મમાં રિપ્લેસ કરી પણ હકીકત એ છે કે હાલ તે કોઈ કામ નથી કરી રહી અને હું હજુ પણ ફિલ્મોમાં એક્ટિવ છું. જાણકારોના મતે આ ટિપ્પણી સલમાન ખાનની 'સુલતાન' ફિલ્મના સંદર્ભમાં છે. આ ફિલ્મ માટે પહેલાં મૃણાલ ઠાકુર હિરોઈન તરીકે નક્કી થઈ હતી. બાદમાં અનુષ્કાએ તેને રિપ્લેસ કરી હતી. બિપ ાશા અંગેના જૂના વિડીયો માટે મૃણાલે તાજેતરમાં જાહેરમાં માફી માગી હતી. હવે અનુષ્કા સંબંધિત ટિપ્પણી માટે પણ તે માફી માગે તેવી માગણી નેટ યૂઝર્સ કરી રહ્યા છે. મૃણાલનો વધુ એક જૂનો વિડીયો વાયરલ થયોમને ફિલ્મમાં રિપ્લેસ કરી પણ તે હવે નવરી છે અને હું હજુ એક્ટિવ છું તેવી ટિપ્પ ણી અગાઉ બિપાશા બસુ એક સ્ત્રી નહિ પરંતુ મર્દાના લાગે છે તેવી જૂની ટિપ્પણી માટે વિવાદમાં આવેલી મૃણાલ ઠાકુર હવે અનુષ્કા શર્મા માટેની એક જૂની ટિપ્પણી માટે ફરી ટ્રોલ થઈ રહી છે. વાયરલ થયેલા જૂના વિડીયોમાં તે અનુષ્કાનું નામ લીધા વિના એવી ટિપ્પણી કરી રહી છે કે તેણે ભલે મને બાદમાં હિટ થયેલી ફિલ્મમાં રિપ્લેસ કરી પણ હકીકત એ છે.

## વિનેશ ફોગાટ બાદ વધુ એક ભારતીય રેસલર ઓવરવેટને કારણે વર્લ્ડ ચેમ્પિયનશિપથી બહાર

। નવીદિલ્હી, તા.૧૪ ।

વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં ભારતીય આશાઓને મોટો ઝટકો લાગ્યો છે. પેરિસ ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અમન સેહરાવતને આ ટુર્નામેન્ટમાંથી ડિસક્વાલિફાઈ કરવામાં આવ્યો છે. અમન સેહરાવતનું વજન નિર્ધારિત મર્યાદાથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું. તે પુરુષોની ફ્રીસ્ટાઈલ ૫૭ કિલો વજન શ્રેણીમાં ભાગ લેવા જઈ રહ્યો હતો.અહેવાલો અનુસાર, કુશ્તીબાજ અમન સેહરાવતનું વજન ૧ કિલો અને ૭૦૦ ગ્રામ વધુ હોવાનું જાણવા મળ્યું હતું. નિયમો મુજબ, કુશ્તીબાજનું વજન તેની શ્રેણી સાથે બરાબર મેળ ખાતું હોવું જોઈએ. ફક્ત થોડા ગ્રામનો તફાવત તેને ટુર્નામેન્ટમાંથી બહાર કરી શકે છે. નોંધનીય છે કે, આ કારણોસર પેરિસ ઓલિમ્પિકમાં ફાઈનલ મેચ પહેલા રેસલર વિનેશ ફોગાટને ડિસક્વાલિફાઈ કરાઈ હતી. ત્યારબાદ ટાઈટલ મેચ પહેલા વિનેશનું વજન ૫૦ કિલો ૧૦૦ ગ્રામથી વધુ હોવાનું જાણવા મળ્યું હતું.સૂત્રોના જણાવ્યાનુસાર, 'આ દુર્ભાગ્યપૂર્ણ અને આઘાતજનક છે કે અમન સેહરાવત પોતાનું વજન નિયંત્રિત કરી શક્યા નહીં. જ્યારે અમન સેહરાવતે વજન મશીન પર પગ મૂક્યો ત્યારે તેનું વજન ૧૭૦૦ ગ્રામ વધુ થઈ ગયું. આ બિલકુલ સ્વીકાર્ય નથી.'

## વડાપ્રધાનની ખુરશી પર બેસતા જ સુશીલા કાર્કી એક્શનમાં,પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી સામે એફઆઇઆર દાખલ કરાઇ

। કાઠમંડુ, તા.૧૪ ।

સુશીલા કાર્કીએ નેપાળની સત્તા સંભાળ્યાને હજુ ૨૪ કલાક પણ નથી થયા અને તેમણે તાબડતોબ એક્શન લેવાનું શરૂ કરી દીધું છે. નેપાળના પ ૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલી સામે ૮ સપ્ટેમ્બરે થયેલા પોલીસ દમનના વિરોધમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. કેપી શર્મા ઓલી વિરુદ્ધ ગંભીર ગુનાના આરોપમાં તપાસની માંગણી કરતી એફઆઈઆર નોંધાઈ છે. જનરેશન ઝેડના આક્રોશને જોતાં ૯ સપ્ટેમ્બરે કેપી શર્મા ઓલીએ વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. જુલાઈ ૨૦૨૪માં તેમણે વડાપ્રધાન તરીકે શપ થ લીધા હતા અને એક વર્ષ બે મહિના બાદ જ તેમને સત્તા છોડવી પડી.નેપ ાળમાં વચગાળાની સરકાર (અંતરિમ સરકાર)ના વડાપ્રધાન સુશીલા કાર્કી ટુંક સમયમાં તેમના મંત્રીમંડળનું વિસ્તરણ કરી શકે છે. સુશીલા કાર્કી શનિવારે આખો દિવસ જનરેશન ઝેડના પ્રતિનિધિઓ અને અન્ય વિવિધ રાજકીય તથા સામાજિક પક્ષો સાથે ચર્ચામાં વ્યસ્ત રહ્યા. તેમના આ વ્યાપક સંવાદનો હેતુ આગામી કેબિનેટ વિસ્તરણ માટે સહયોગ અને સમર્થન મેળવવાનો હોવાનું જણાવવામાં આવે છે.મંત્રીમંડળમાં કોણ કોણ હશે?સુશીલા કાર્કીની નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારના મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવનારા નવા સભ્યોના નામો પર આવતીકાલ સુધીમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે. એવી અપેક્ષા છે કે નામોની જાહેરાતની સાથે તે જ દિવસે નવા મંત્રીઓનો શપ થગ્રહણ સમારોહ પણ યોજાશે.જોકે, હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ સૂત્રોનું કહેવું છે કે આ કેબિનેટ વિસ્તરણમાં વિવિધ પ્રાદેશિક અને જાતીય પ્રતિનિધિઓને સામેલ કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

**શ્રદ્ધાળુઓને ફરી યાત્રા શરૂ થવા માટે રાહ જોવી પડશે** | **માં વૈષ્ણોદેવી ભવન અને યાત્રા માર્ગ પર શનિવારે સાંજે ભારે વરસાદના કારણે ૧૮ દિવસ બાદ શરુ થઈ રહેલી યાત્રા નવા આદેશ સુધી રદ કરવામાં આવી**

## માં વૈષ્ણોદેવી ભવન અને યાત્રા માર્ગ પર ભારે વરસાદના કારણે રદ કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૧૪ ।

માં વૈષ્ણોદેવી ભવન અને યાત્રા માર્ગ પર શનિવારે સાંજે ભારે વરસાદના કારણે ૧૮ દિવસ બાદ શરુ થઈ રહેલી યાત્રા નવા આદેશ સુધી રદ કરવામાં આવી છે. તો અહીં માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે સ્પષ્ટતા કરી કે, હવામાનની સ્થિતિ અને માર્ગની સલામતીનું મૂલ્યાંકન કર્યા પછી જ યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે.શનિવાર સવારે કટરા પહોંચેલા લગભગ ૧૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ અચાનક બગડેલા હવામાનને કારણે નિરાશ બન્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ૨૬ ઓગસ્ટે અડકુંવારી માર્ગ એટલે કે, માતા વૈષ્ણો દેવી યાત્રા પર ભૂસ્ખલન થતાં




૩૪ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. સુરક્ષા કારણોસર વહીવટીતંત્રએ તરત જ યાત્રાને સ્થગિત કરી દીધી હતી. હવામાન વિભાગના અનુમાન મુજબ રવિવારે પણ હળવાથી ભારે વરસાદ થવાની સંભાવના છે.શ્રાઈન બોર્ડે રાત્રે ૮ વાગ્યે પોતાના એક્સ હેન્ડલ પર યાત્રા સ્થગિત કરવા અંગેની માહિતી શેર કરી હતી. હવે શ્રદ્ધાળુઓને ફરી યાત્રા શરૂ થવા માટે રાહ જોવી પડશે.

સાંજથી શરૂ થયેલો વરસાદ મોડી રાત સુધી વચ્ચે વચ્ચે તમામ માર્ગોમાં ચાલુ રહ્યો.કટરામાં પણ ભારે વરસાદ વરસ્યો છે. યાત્રા સ્થગિત થવાથી કટરા પહોંચેલા શ્રદ્ધાળુઓ નિરાશ થયા હતા. કેટલાક શ્રદ્ધાળુઓ તો દર્શન કર્યા વગર જ પરત ફર્યા છે. ગોરખપુરથી આવેલા શ્રદ્ધાળુ મક્કનલાલે જણાવ્યું કે, તેઓ સવારે જ રોડ માર્ગે કટરા આવ્યા હતા અને દર્શન માટે ખૂબ ઉત્સાહિત હતા. પ રંતુ સાંજે વરસાદ શરૂ થતાં યાત્રા ફરી સ્થગિત થઈ ગઈ.

અડકુંવારી માર્ગ પર ભૂસ્ખલન થયેલા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયું છે. શ્રાઈન બોર્ડના જણાવ્યા પ્રમાણે જો સોમવાર સુધી હવામાનમાં સુધારો થશે તો યાત્રા ફરીથી શરૂ કરી શકાશે. બોર્ડ પહેલાથી જ સ્પષ્ટ કરી ચૂક્યું છે કે હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જ યાત્રા ચાલુ કરવામાં આવશે. માં વૈષ્ણોદેવી ભવન અને યાત્રા માર્ગ પર શનિવારે સાંજે ભારે વરસાદના કારણે ૧૮ દિવસ બાદ શરુ થઈ રહેલી યાત્રા નવા આદેશ સુધી રદ કરવામાં આવી છે.

તો અહીં માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડે સ્પષ્ટતા કરી કે, હવામાનની સ્થિતિ અને માર્ગની સલામતીનું મૂલ્યાંકન કર્યા પછી જ યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે.શનિવાર સવારે કટરા પહોંચેલા લગભગ ૧૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ અચાનક બગડેલા હવામાનને કારણે નિરાશ બન્યા હતા. હવે શ્રદ્ધાળુઓને ફરી યાત્રા શરૂ થવા માટે રાહ જોવી પડશે.

### ૧૦ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ત્રણ અલગ અલગ ભાગોમાં અથડામણો થઈ હતી

### એવું માનવામાં આવે છે કે પાકિસ્તાને આ કાર્યવાહી દુનિયાને બતાવવા માટે કરી છે કારણ કે તેના પર હંમેશા આતંકવાદીઓને આશ્રય આપવાનો આરોપ મૂકવામાં આવ્યો છે

## પોતાની છબી સુધારવાનો પ્રયાસ કરી રહેલા પાકિસ્તાને પખ્તુનખ્વામાં ૪૫ ટીટીપી આતંકવાદીઓને ઠાર માર્યા

। ઇસ્લામાબાદ, તા.૧૪ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં ૪૫ આતંકવાદીઓ માર્યા ગયા છે અને લગભગ ૧૯ સૈનિકો પણ માર્યા ગયા છે. માર્યા ગયેલા આતંકવાદીઓ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના હોવાનું કહેવાય છે.એવું માનવામાં આવે છે કે પાકિસ્તાને આ કાર્યવાહી દુનિયાને બતાવવા માટે કરી છે કારણ કે તેના પર હંમેશા આતંકવાદીઓને આશ્રય આપ વાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ દરમિયાન, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફનું નિવેદન પણ બહાર આવ્યું અને તેમણે આતંકવાદીઓ સામે સંપૂર્ણ તાકાતથી લડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.પાકિસ્તાની સેનાના જણાવ્યા અનુસાર, ૧૦ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના ત્રણ અલગ અલગ ભાગોમાં અથડામણો થઈ હતી. આ સમય દરમિયાન, સંઘર્ષમાં ઓછામાં ઓછા ૪૫ આતંકવાદીઓ માર્યા ગયા છે. 'રેડિયો પાકિસ્તાન'ના સમાચાર મુજબ, "શહેબાઝ શરીફે આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીર સાથે બન્નુની મુલાકાત લીધી હતી અને આતંકવાદને કાબુમાં લેવા પર કેન્દ્રિત ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો."પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે કહ્યું, "પાકિસ્તાન સંપ



ૂર્ણ તાકાતથી આતંકવાદ સામે લડવાનું ચાલુ રાખશે." સેનાના નિવેદનો અનુસાર, "ખૈબર પખ્તુનખ્વામાં ત્રણ અલગ અલગ કાર્યવાહીમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના ૪૫ આતંકવાદીઓ માર્યા ગયા."ભારત હંમેશા કહેતું રહ્યું છે કે પાકિસ્તાન આતંકવાદીઓને આશ્રય આપે છે. ઘણા કિસ્સાઓમાં, એવું જાણવા મળ્યું છે કે જ્યારે મોટા આતંકવાદીઓના બોસ અસુરક્ષિત અનુભવે છે, ત્યારે તેઓ છુપાઈને પાકિસ્તાન જાય છે. પાકિસ્તાન પણ તેમને પોષે છે અને ભારત વિરુદ્ધ તેમનો ઉપયોગ કરે છે.પહેલગામ હુમલા પછી જ્યારે ભારતે પાકિસ્તાન વિરુદ્ધ કાર્યવાહી કરી, ત્યારે સ્પષ્ટ કરવામાં આવ્યું કે આતંકવાદ અંગે ભારતની નીતિ શૂન્ય સહિષ્ણુતા રહેશે. આ પછી, ભારતે સમગ્ર વિશ્વમાં પાકિસ્તાન દ્વારા આતંકવાદીઓને આશ્રય આપવાનો મુદ્દો ઉઠાવ્યો. ત્યારથી, આ મુદ્દા પર પાકિસ્તાન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધ્યું છે અને પાકિસ્તાન આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી કરીને બતાવવા માંગે છે કે તે કેટલો મોટો આતંકવાદ વિરોધી છે. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં ૪૫ આતંકવાદીઓ માર્યા ગયા છે અને લગભગ ૧૯ સૈનિકો પણ માર્યા ગયા છે. માર્યા ગયેલા આતંકવાદીઓ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનના હોવાનું કહેવાય છે.એવું માનવામાં આવે છે કે પાકિસ્તાને આ કાર્યવાહી દુનિયાને બતાવવા માટે કરી છે કારણ કે તેના પર હંમેશા આતંકવાદીઓને આશ્રય આપ વાનો આરોપ મૂકવામાં આવ્યો છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya